શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૨૪

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

- ડૉ. સાધ્વી આરતી
- સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

**અહો ગુરુદેવ!**
**આપની આજ્ઞા સહ પરમ કૃપાએ**
**સાકાર પામેલી ગુરુ પ્રાણ**
**આગમ બત્રીસી આધારિત**
**આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે**
**આપના કરકમલમાં અર્પણ... સમર્પણ...**

# શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશના રૂપે સમગ્ર જૈનસમાજમાં શ્રદ્ધાનું સ્થાન ધરાવે છે. પ્રભુએ પાવાપુરીમાં પોતાના નિર્વાણપૂર્વે સોળ પ્રહર સુધી અઢાર દેશના રાજા સહિતની બાર પ્રકારની પરિષદમાં અખંડ ઉપદેશની ધારા પ્રવાહિત કરી. તેમાં કલ્યાણકારી ફળનું દર્શન કરાવતા સુખવિપાકસૂત્રના પંચાવન અધ્યયનો, પાપના ફળનું દર્શન કરાવતા દુઃખવિપાક સૂત્રના પંચાવન અધ્યયનો તથા ૩૬ અપૃષ્ટ વ્યાકરણોનું કથન કરીને પ્રભુ સિદ્ધ થયા. કલ્પસૂત્રમાં ઉત્તરાધ્યયન સૂત્રની 'અપૃષ્ટ વ્યાકરણ' અર્થાત્ પૂછયા વિના કથન કરેલા શાસ્ત્ર રૂપે ગણના થઈ છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું પ્રતિનિધિત્વ કરનાર આગમ છે. તેમાં જીવ, અજીવ, કર્મવાદ, ષટ્દ્રવ્ય, નવતત્ત્વ વગેરે વિષયોનો સમાવેશ ચારે અનુયોગના માધ્યમથી થયો છે. આ આગમના વિષયોની પ્રધાનતા અને શ્રેષ્ઠતાના કારણે જ સેંકડો વર્ષોથી શ્રદ્ધાશીલ લોકો પ્રભુના નિર્વાણકલ્યાણક રૂપ દિવાળીના દિવસે પ્રભુની અંતિમ દેશના રૂપ શ્રી

ઉત્તરાધ્યયન સૂત્રનો સ્વાધ્યાય કરે છે. તેમાં ૩૬ અધ્યયનો છે અને તેમાં અનેક વિવિધ વિષયોનું નિરૂપણ છે.

## અધ્યયન – ૧ : વિનયશ્રુત

વિનય એ શ્રમણાચારનો પાયો છે, ધર્મનું મૂળ છે, આભ્યંતર તપ છે. વિનયરૂપી મૂળના સિંચનથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપી પુષ્પો ખીલે છે અને અંતે મોક્ષરૂપી ફળ પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત અધ્યયનમાં વિનયની પરિભાષા આપી નથી પરંતુ વિનીત અને અવિનીત શિષ્યના સ્વભાવ, વ્યવહાર અને તેના પરિણામોની વિસ્તૃત વિચારણા છે. તેનાથી વિનય અને અવિનયની પરિભાષા સ્પષ્ટ થઈ જાય છે. વ્યકિતનો બાહ્ય વ્યવહાર તેના અંતરંગ ભાવોનું પ્રતિબિંબ છે. વિનીત શિષ્યના સૂત્રોકત વિવિધ વ્યવહાર અને આચરણ પરથી વિનયનો અર્થ આ પ્રમાણે ફલિત થાય છે. (૧) વિનય એટલે ગુરુની આજ્ઞાનું પાલન કરવું. (૨) ગુરુના ઈંગિતાકાર–હાવભાવ, ચેષ્ટાઓને યથાર્થ રીતે સમજવા. (૩) ગુરુની સેવા શુશ્રુષા કરવી (૪) સ્વયં પોતાનું આચરણ સદાચાર સંપન્ન રાખવું. (૫) ગુરુના અનુશાસનનો મનથી સ્વીકાર કરવો, વચનથી 'તહત્તિ' જેવા આદર સૂચક શબ્દોનો પ્રયોગ કરવો અને

કાયાથી તથાપ્રકારનું આચરણ કરવું. (૬) ગુરુને અનુકૂળ વ્યવહાર કરવો. (૭) ગુરુજનોની કઠોર શિક્ષાનો પણ સહર્ષ સ્વીકાર કરવો. (૮) સમાચારીનું પાલન, આહાર ગ્રહણ, ભાષાપ્રયોગ વગેરે પ્રત્યેક ક્રિયા સમિતિપૂર્વક કરવી. (૯) વૈરાગ્યભાવે આત્મદમન કરવું.

વિનયનો અર્થ દીનતા, લાચારી કે ગુલામી નથી, કેવળ શિષ્ટાચાર કે સમાજવ્યવસ્થા પણ નથી, પરંતુ ગુરુજનો કે ગુણીજનોના પવિત્ર ગુણો પ્રતિ સહજ પ્રગટ થતો આદરભાવ છે, તેથી જ ગુરુ–શિષ્યનો આત્મીય સંબંધ બની રહે છે.

અવિનીતનો વ્યવહાર વિનીત શિષ્યના વ્યવહારથી વિપરીત હોય છે. શ્રી ઔપપાતિકસૂત્રમાં વિનયના સાત ભેદ કહ્યા છે. આ અધ્યયનમાં અક્રમથી વિનયના કેટલાક ભેદનો સમાવેશ થઈ જાય છે. ગુરુ સમીપે બેસવું, રહેવું, ગુરુની ઈચ્છાનુસાર પ્રવૃત્તિ કરવી. પોતાના કાર્યની સિદ્ધિ માટે અનુકૂળ વર્તન કરવું, દેશ–કાલનો વિચાર કરી યોગ્ય કાર્ય કરવું વગેરે પ્રવૃત્તિ **લોકોપચાર વિનયને** પ્રગટ કરે છે. આત્માનું દમન કરવું, ગુરુના કોપની સામે ક્ષમાભાવ રાખવો વગેરે **મનોવિનયને** પ્રગટ કરે છે. જરૂર વિના બોલવું નહીં, ગુરુ બોલાવે ત્યારે મૌન ન

રહેતાં યથોચિત ઉત્તર આપવો. ક્રોધાવેશમાં અસત્ય ન બોલવું, આચાર્યના ક્રોધને શાંત કરવા પ્રસન્નતાજનક ભાષા પ્રયોગ કરવો વગેરે પ્રવૃત્તિ **વચનવિનયને** સ્પષ્ટ કરે છે. ગુરુની આજ્ઞાનો અમલ કરવો, પોતાની ભૂલનો હાથ જોડી નમ્રભાવે સ્વીકાર કરવો, ગુરુથી નીચા આસને બેસવું વગેરે ક્રિયા **કાયિકવિનયનું** કથન કરે છે. તે જ રીતે શાંત ભાવે ગુરુ સમીપે અર્થપૂર્ણ પદનો અભ્યાસ કરવો, તે **જ્ઞાનવિનય**, ગુરુની આગળ, પાછળ, બાજુમાં ન બેસવું વગેરે **દર્શનવિનયમાં**, **અનાશાતના** કે **શુશ્રુષાવિનયનું**, એષણા સમિતિ, ભાષા સમિતિની શુદ્ધિ માટેના નિયમોમાં **ચારિત્રવિનયનું** પ્રતિપાદન છે.

સર્વ પ્રકારના વિનયનું આચરણ કરનાર શિષ્ય ગુરુની પ્રસન્નતાને પામે છે. પ્રસન્ન થયેલા ગુરુ વિનીત શિષ્યને પોતાની શ્રુતસંપત્તિ અને આચારસંપત્તિ પ્રદાન કરે છે, તેનાથી શિષ્ય આત્મિકલક્ષ્મીને પ્રાપ્ત કરી પોતાના અંતિમ લક્ષને સિદ્ધ કરે છે.

## અધ્યયન – ૨: પરીષહ

આ અધ્યયનમાં સાધકો માટે સંયમી જીવનમાં આવતા બાવીસ પરીષહવિજયનો સંદેશ છે.

સાધકને સંયમમાર્ગથી ચ્યુત કરે, તેવી સંયમી

જીવનની અનુકૂળતા કે પ્રતિકૂળતાને **પરીષહ** કહે છે. સંયમમાર્ગથી ચ્યુત થયા વિના સહજ રીતે આવતી અનુકૂળ તા કે પ્રતિકૂળતાને કર્મનિર્જરાના લક્ષે સહન કરવી અને તેમાં સમજણપૂર્વક પ્રસન્નભાવ કે સમભાવ ધારણ કરવો તે **પરિષહવિજય** છે. સાધક જીવનમાં બાવીસ પરીષહ અને પરિષહવિજયના ઉપાયો વિચારણીય છે.

**(૧) ક્ષુધા પરીષહ** – નિર્દોષ આહારની પ્રાપ્તિ ન થાય ત્યારે ક્ષુધાનો પરીષહ આવે છે. શરીર અત્યંત કૃશ અને દુર્બળ થઈ જાય તેવી પરિસ્થિતિમાં પણ દોષિત આહારની ઈચ્છા ન કરવી પરંતુ સંયમભાવમાં સ્થિર રહેવું. **(૨) તૃષા પરીષહ** – એકાંત નિર્જન વનમાં અથવા અન્ય કોઈ પણ પરિસ્થિતિમાં તૃષાની તીવ્રતમ પીડા ઉત્પન્ન થાય, ત્યારે વ્યાકુળ થયા વિના તેને સહન કરવી, સચેત કે દોષિત પાણીની ઈચ્છા ન કરવી. **(૩) શીત પરીષહ** – અત્યંત ઠંડીમાં અલ્પવસ્ત્ર કે નિર્વસ્ત્રદશામાં શરીર ધ્રુજતું હોય, તેમ છતાં શીત નિવારણ–માટે અગ્નિ આદિનો પ્રયોગ ન કરવો. **(૪) ઉષ્ણ પરીષહ** – અત્યંત ગરમીમાં પરસેવાજન્ય વ્યાકુળતાના સમયે ઠંડકના પ્રયત્નો કે સ્નાનની ઈચ્છા ન કરવી. **(૫) ડાંસમચ્છર પરીષહ** – પોતાનું લોહી પીનાર, સમાધિભંગ કરનાર

મચ્છર આદિ જંતુઓના ઉપદ્રવ સમયે તે જંતુઓ પર દ્વેષ કર્યા વિના સમભાવ ધારણ કરવો. (૬) **અચેલ પરીષહ** – વસ્ત્ર જીર્ણ થઈ જાય, ફાટી જાય, નવા વસ્ત્રની પ્રાપ્તિ ન થાય, ત્યારે તત્સંબંધી સંકલ્પ-વિકલ્પ ન કરવા. (૭) **અરતિ પરિષહ** – નિવૃત્તિ પ્રધાન સંયમી જીવનમાં કયારેક કંટાળો આવે, ત્યારે ખેદિત થયા વિના મનને સ્વાધ્યાયાદિમાં જોડી પ્રસન્નતા પ્રાપ્ત કરવી. (૮) **સ્ત્રી પરીષહ** – ધર્મસ્થાનકમાં કે ગૃહસ્થના ઘેર ગોચરી માટે ગયા હોય, ત્યારે કોઈ સ્ત્રી વિકારી ચેષ્ટાઓ કરે, પોતાના ભોગભાવોને પ્રગટ કરે, ત્યારે દઢભાવે મનને બ્રહ્મચર્યમાં સ્થાપિત કરવું. (૯) **ચર્યા પરીષહ** – ગ્રામનુગ્રામ વિહાર કરતાં ચાલવાના કષ્ટને સમભાવે સહન કરીને, અપ્રતિબદ્ધપણે વિહાર કરવો. (૧૦) **નિષદ્યા પરીષહ** –સ્મશાનમાં, શૂન્યગૃહમાં, નિર્જન વનમાં આદિ કોઈ પણ સ્થાનમાં શાંત ચિત્તે બેસવું, ત્યાં આસપાસના હિંસક પ્રાણી કે અન્ય આપત્તિઓનો ભય ન રાખવો. (૧૧) **શય્યા પરીષહ** –રહેવા માટે પ્રતિકૂળશય્યા- ધર્મસ્થાન પ્રાપ્ત થાય, તો પણ મનને સમભાવમાં સ્થિર રાખવું. આ સ્થાન એક રાત્રિમાં મારું શું બગાડી શકશે ? તેવી વિચારણાથી અંતર્મુખી બનવું. (૧૨) **આક્રોશ પરીષહ** – કોઈ ગાળ

આપે, આક્રોશ વચન કે અપશબ્દો કહે, ત્યારે તેની ઉપેક્ષા કરવી. અન્યના આક્રોશ સામે આક્રોશ ન કરવો પરંતુ શાંત રહેવું. (૧૩) **વધ પરીષહ** –કોઈ મારે, પીટે, કયારેક મારણાંતિક પ્રહાર કરે, તેમ છતાં તેના પ્રતિ દ્વેષભાવ કર્યા વિના આત્માની અજરતા- અમરતાનો વિચાર કરવો. (૧૪) **યાચના પરીષહ** – ગૃહસ્થ પાસે યાચના કરવા માટે હાથ લંબાવવો પડે, ત્યારે ક્ષોભિત ન થવું કે ગૃહસ્થાશ્રમને યાદ ન કરવો. (૧૫) **અલાભ પરીષહ** – યાચના કરવા છતાં આવશ્યક આહાર, પાણી કે અન્ય સાધન–સામગ્રી પ્રાપ્ત ન થાય, ત્યારે ઉત્સુક કે આકુળવ્યાકુળ ન થવું, ગૃહસ્થ પર ક્રોધ ન કરવો પરંતુ ' તપનો લાભ મળ્યો' તેવી સવળી દૃષ્ટિ રાખવી. (૧૬) **રોગ પરીષહ** – અશાતાના ઉદયમાં સદોષ ચિકિત્સાની કે સેવા–શુશ્રુષાની ઈચ્છા કર્યા વિના રોગને સમભાવથી સહન કરવો. (૧૭) **તૃણસ્પર્શ પરીષહ** – અલ્પ કે જીર્ણ વસ્ત્રધારી કે અચેલક સાધુને ઘાસ આદિનો કઠોર સ્પર્શ થાય, ત્યારે સુંવાળી શય્યાની ઈચ્છા ન કરવી. પરિસ્થિતિનો સહજ ભાવે સ્વીકાર કરવો. (૧૮) **જલ–મલ્લ પરીષહ** – ગ્રીષ્મઋતુમાં શરીર પરસેવાથી મલિન થાય, મેલ જામી જાય, તેમ છતાં સ્નાનની ઈચ્છા

ન કરવી તેમજ મલિનતાની ઘૃણા કર્યા વિના અનુત્તર ધર્મલાભની ભાવનાથી સહન કરવું.

**(૧૯) સત્કારપુરસ્કાર પરીષહ** –રાજા, મહારાજા જ્યારે વંદન, નમસ્કાર, સત્કાર, સન્માન કરે, ત્યારે અભિમાન ન કરવું કે સત્કાર, સન્માનની ઈચ્છા ન કરવી.

**(૨૦) પ્રજ્ઞા પરીષહ** – જ્ઞાનાવરણીયકર્મના ઉદયે મંદબુદ્ધિ હોય જ્ઞાનપ્રાપ્તિ થતી ન હોય, ત્યારે પણ હતાશ કે નિરાશ થયા વિના વિશેષ પુરુષાર્થશીલ થવું.

**(૨૧) અજ્ઞાન પરીષહ** – સંયમ–તપનું પાલન કરવા છતાં કોઈ લબ્ધિ પ્રગટ ન થાય કે અવધિજ્ઞાન આદિ પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ ન થાય તો સંયમપાલનને નિરર્થક ન માનવું, સમભાવની સાધનાને દઢતમ બનાવવી.

**(૨૨) દર્શન પરીષહ** – લબ્ધિ વગેરે પ્રગટ ન થાય, ત્યારે શ્રદ્ધાથી પતિત ન થવું, કોઈપણ પરિસ્થિતિમાં શ્રદ્ધાને અચલ રાખવી.

આ બાવીસ પરીષહમાં સ્ત્રી પરીષહ અને સત્કાર પુરસ્કાર પરીષહ, આ બે અનુકૂળ પરીષહ છે. અનુકૂળ પરીષહમાં સાધકે વિશેષ સાવધાન રહેવાનું છે. શેષ ૨૦ પ્રતિકૂળ પરીષહ છે. સાધકે અનુકૂળ કે પ્રતિકૂળ કોઈ પણ પરીષહના ઉદયને શૂરવીર યોદ્ધાની જેમ

વીરતાપૂર્વક સહન કરીને પરીષહ વિજેતા થવું, તે જ મોક્ષ પ્રાપ્તિની સાધના છે.

## અધ્યયન – ૩ : ચાતુરંગીય

આ અધ્યયનમાં મોક્ષપ્રાપ્તિમાં કારણભૂત ચાર અંગની દુર્લભતાનું કથન છે. અનાદિકાળથી ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં જીવને કેટકેટલી પુણ્યરાશિ ભેગી થાય ત્યારપછી મોક્ષ સાધનાને યોગ્ય સાધન સામગ્રી, સાધનાને યોગ્ય વાતાવરણ વગેરે પ્રાપ્ત થાય છે, તેથી તે દુર્લભ છે.

તે ચાર અંગ આ પ્રમાણે છે– (૧) મનુષ્યત્વ (૨) સદ્ધર્મ શ્રવણ (૩) ધર્મશ્રદ્ધા અને (૪) સંયમમાં પરાક્રમ. **મનુષ્યત્વ** – આ જીવ ચાર ગતિમાં જન્મ મરણ કરે છે, તેમાંથી અનંતકાળ તિર્યંચગતિમાં, અસંખ્યકાળ દેવગતિ કે નરકગતિમાં વ્યતીત કરે, ત્યારે એકાદ જન્મ મનુષ્યગતિમાં થાય છે, નરકગતિમાં ઘોર દુઃખ, તિર્યંચગતિમાં અજ્ઞાનતા અને પરવશતાનું દુઃખ, દેવગતિમાં ભોગવિલાસની આસકિતમાં જ સમય પસાર થાય છે. તે ગતિઓમાં ધર્મને યોગ્ય વાતાવરણ કે કર્મક્ષયની સાધના શકય નથી. મનુષ્યજન્મમાં જ સંસ્કારના પરિવર્તન માટે વિવેકપૂર્વકની સાધના શક્ય છે, તેથી મનુષ્યજન્મની મહત્તા છે. જીવ મનુષ્યજન્મ પામે પરંતુ અનાર્યક્ષેત્રમાં કે ચાંડાળ આદિ નીચ

કુળમાં જન્મ થાય, તો પણ વિવેક પ્રાપ્ત થતો નથી, તેથી હેય-ઉપાદેયનો વિવેક થઈ શકે તેવા મનુષ્યત્વ-માનવતાની પ્રાપ્તિ દુર્લભ છે.

**સદ્ધર્મશ્રવણ** - મનુષ્યત્વની પ્રાપ્તિ પછી પણ પ્રત્યેક મનુષ્યમાં ધર્મરુચિ હોતી નથી. તે પોતાનો સમય ભોગ વિલાસમાં, આળસ-પ્રમાદમાં, ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ કે અનિષ્ટના વિયોગ માટેના આર્તધ્યાનમાં જ તલ્લીન રહે છે. સદ્ધર્મશ્રવણથી સદ્બુદ્ધિ અને સદ્બુદ્ધિથી જ હેય-ઉપાદેયનો, શ્રેય-પ્રેયનો, હિતાહિતનો વિવેક કરી શકે છે, તેથી સદ્ધર્મશ્રવણની દુર્લભતા છે. **ધર્મશ્રદ્ધા** - સમ્યગ્દષ્ટિ, સમ્યક્ સમજણ, સમ્યક્ પ્રતિતી, તે શ્રદ્ધા છે. સદ્ધર્મના શ્રવણ પછી પણ તેની યથાર્થતાને સ્વીકારવી અત્યંત દુર્લભ છે. જીવ અનાદિકાલથી મિથ્યાદષ્ટિ છે. તેના સંસ્કારો તેને ધર્મશ્રદ્ધામાં બાધક બને છે. મિથ્યાત્વીઓના સંગથી કે અન્ય નિમિત્તોથી શ્રદ્ધા ચલિત થઈ જાય છે, તેથી જ શ્રદ્ધા પરમ દુર્લભ છે. **સંયમપરાક્રમ** - ધર્મશ્રવણ અને શ્રદ્ધા પ્રગટ થવા છતાં તદનુસાર આચરણ કરવું અત્યંત દુર્લભ છે. ચારિત્ર મોહનીયકર્મનો ઉદય તેને ફરી ફરી મિથ્યા આચરણ તરફ ખેંચે છે. પ્રબળ વૈરાગ્ય, સંવેગ કે નિર્વેદભાવ, દઢતમ

સંકલ્પ, શારીરિક શક્તિ, આંતરિક ઉત્સાહ વગેરે પરિબળો હોય, તો જ વ્યકિત સંયમમાર્ગમાં પરાક્રમ કરી શકે છે.

આ રીતે ચારે અંગોની દુર્લભતા ક્રમશઃ વિશેષ વિશેષતર, વિશેષતમ છે. જે મનુષ્ય આ ચારે અંગને પ્રાપ્ત થાય છે, તેની શુદ્ધિ થાય, કર્મનો ક્ષય થાય અને તે નિર્વાણને પ્રાપ્ત કરે છે અને જો તે વ્યકિતના પુણ્યકર્મ શેષ રહે તો તે ઋદ્ધિસંપન્ન દેવ થાય છે. ત્યાર પછીના મનુષ્યભવમાં પણ તે દશાંગી સુખને પામે છે. **દશાંગી સુખ** – (૧) ખેતર, વાડી, ઘર–દુકાન, સોનુ–ચાંદી, દાસ–દાસી, આ ચાર સ્કંધ અર્થાત્ સુખના સાધનો જયાં હોય, ત્યાં તેનો જન્મ થાય. તે ઉપરાંત તે જીવ (૨) સન્મિત્ર (૩) અનુકૂળ પરિવાર (૪) ઊંચગોત્ર (૫) સોહામણું શરીર (૬) નીરોગી કાયા (૭) બુદ્ધિમત્તા (૮) ગુણસંપન્નતા (૯) યશસ્વીતા અને (૧૦) બળ સંપન્નતા, આ દશ પ્રકારના સુખને પામે છે અને પરંપરાએ લક્ષ્ય સિદ્ધ કરે છે.

## અધ્યયન – ૪ : અસંસ્કૃત

આ અધ્યયનમાં જીવનની અસંસ્કૃતતા, ક્ષણિકતાનું દર્શન કરાવીને પ્રમાદત્યાગનો ઉપદેશ છે.

મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયેલું આ જીવન અત્યંત ક્ષણિક છે, તેમ જ અસંસ્કૃત છે. તૂટેલા જીવનને મંત્ર, તંત્ર, વિદ્યા આદિ કોઈ પણ પ્રયોગથી, દૈવી સહાયથી કે અન્ય કોઈ પણ નિમિત્તથી સાંધી શકાતું નથી.

સામાન્ય રીતે જીવનના ત્રણ વિભાગો છે – બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. કેટલાક જીવો જન્મ સમયે જ મૃત્યુ પામે છે, કેટલાક બાલ્યાવસ્થા કે યુવાવસ્થામાં મૃત્યને શરણ થાય છે, તેથી વૃદ્ધાવસ્થામાં ધર્મારાધના કરશું, તથાપ્રકારની વિચારણા કરીને ધનસંપતિના સંગ્રહમાં, ભોગવિલાસમાં, કુટુંબ પરિવારના સ્નેહબંધનમાં જ જીવનકાલ પૂર્ણ કરે છે. અનેક પ્રકારે પાપનું આચરણ કરીને અચાનક કાળના પ્રહારે પરલોક પ્રયાણ કરે છે, ત્યારે સ્વજનો સાથે જતાં નથી પરંતુ તેના માટે કરેલું પાપાચરણ અને તદ્જન્ય કર્મબંધને સાથે લઈને નરકાદિ દુર્ગતિમાં જાય છે.

આ પ્રકારની પરિસ્થિતિમાં સ્વજનો કે ધનસંપતિ તેને શરણરૂપ થતા નથી. જેમ દીવો બુઝાઈ ગયા પછી પ્રકાશમાં જોયેલો માર્ગ પણ દેખાતો નથી તેમ મોહનીયકર્મના ઉદયે સમજણનો દીવો બુઝાઈ ગયા પછી જીવ સન્માર્ગને જોઈ શકતો નથી.

કાળ ભયંકર છે, આયુષ્ય ચંચળ છે, શરીર દુર્બળ છે, તેથી બુદ્ધિમાન પુરુષ કર્મના સિદ્ધાંતની વાસ્તવિકતા સ્વીકારીને ભારંડપક્ષીની જેમ કોઈ પણ આશા કે અપેક્ષા રાખ્યા વિના અપ્રમત્તપણે વિચરે, પગલે પગલે પાપની કે કર્મબંધની શંકા રાખીને પ્રવૃત્તિ કરે. કામભોગથી પ્રાપ્ત થતું સુખ લોભામણું છતાં અત્યંત તુચ્છ છે, તેથી સાધક જાગૃતપણે ક્રમશઃ વિષયભોગના અનુરાગને જીતવાનો પુરુષાર્થ કરે કારણ કે કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી.

ક્ષણભંગુર જીવન જાગૃતિનો સંદેશ આપે છે. અસંસ્કૃત જીવનને ઉત્તમોત્તમ આત્મગુણોની સાધના કરીને સંસ્કૃત બનાવવું, તે જ મનુષ્યજન્મની સફળતા છે.

## અધ્યયન – ૫ : અકામમરણીય

આ અધ્યયનમાં અકામમરણ અને સકામમરણનું સ્વરૂપ સ્પષ્ટ કરીને સકામમરણની ઉપદેયતાનું પ્રતિપાદન છે.

જેનો જન્મ છે, તેનું મૃત્યુ નિશ્ચિત છે પરંતુ મૃત્યુ સમયે થતાં જીવના પરિણામો સાધક જીવનમાં તેમ જ તેની ભવપરંપરામાં અત્યંત મહત્ત્વના છે. તેની અપેક્ષાએ મૃત્યુના બે પ્રકાર છે – અકામમરણ અને સકામમરણ.

**અકામમરણ** – અકામ-ઈચ્છા વિના થતું મરણ. સર્વ જીવો જીવવા ઈચ્છે છે. મૃત્યને કોઈ ઈચ્છતું નથી, તેમ છતાં આયુષ્ય પૂર્ણ છતાં તે અનીચ્છાએ મૃત્યને સ્વીકારે છે. તે અકામમરણ છે. સામાન્ય જીવો મૃત્યુના સ્વરૂપને જાણતા નથી કે આત્મા અજર-અમર છે પરંતુ કર્મ પ્રમાણે તે શરીર માત્રનું પરિવર્તન કરે છે. અજ્ઞાની જીવો પોતાના જીવનને અમર સમજીને ધનસંપત્તિ ભેગી કરે. તેના માટે હિંસા, અસત્ય, ચોરી આદિ પાપનું આચરણ કરે, સ્વજનોના મમત્વમાં ગૃદ્ધ રહે, 'વર્તમાનમાં જે ભૌતિક સુખ પ્રાપ્ત થયું છે, તેને ભોગવી લ્યો, પરલોક કોણે જોયો છે' ? આ પ્રકારની સંકુચિત દષ્ટિથી વિષયભોગમાં રત રહે છે. અળસિયું પોતાના મુખ અને શરીર બન્નેથી માટી ગ્રહણ કરી માટીનો સંગ્રહ કરે છે, તેમ બાલ જીવ રાગ અને દ્વેષથી કર્મોનો સંગ્રહ કરે છે. અંતે પ્રાણઘાતક રોગ ઉત્પન્ન થાય, મૃત્યુ સામે દેખાય, જીવવાની આશા રહે નહીં, ત્યારે તે જીવ પોતાના પાપના ફળથી ધ્રુજી ઊઠે છે. જેમ ગાડાવાળો રાજમાર્ગને છોડીને ખાડા-ટેકરામાંથી ગાડું લઈ જાય, ત્યાં તેની ધોંસર તૂટી જતાં અને અન્ય સાધન પ્રાપ્ત ન થતાં તે પશ્ચાતાપ કરે છે, તેમ મૃત્યુ સમયે કોઈ બચાવનાર ન હોય, ત્યારે જીવ

પણ પશ્ચાતાપ કરતાં પરવશપણે મૃત્યુને સ્વીકારે છે અને ભવભ્રમણ વધારે છે.

આ બાલમરણને પામતાં જીવોના જીવનનો ચિતાર જોઈને જ્ઞાની પુરુષ મૃત્યુની વાસ્તવિકતાનો સ્વીકાર કરીને પોતાની મનોવૃત્તિનું પરિવર્તન કરીને જીવન પરિવર્તન કરે.

**સકામમરણ** – સમજણ અને સમાધિભાવે સ્વેચ્છાથી સ્વીકારેલું મરણ, તે પંડિતમરણ અથવા સકામરણ છે. જે જીવો આત્માની અજર–અમરતાનો અનુભવ કરે છે, તેને મૃત્યુનો ભય રહેતો નથી. તેને કર્મના સંયોગજન્ય શરીર, સ્વજનો, ભૌતિક સાધનો કે ભૌતિક સુખનો રાગભાવ રહેતો નથી. તે જીવો ગૃહસ્થ જીવનમાં હોય, તો પણ અનાસક્ત ભાવે જીવન વ્યતીત કરે, સામાયિક, પૌષધ આદિ વ્રતોની આરાધનાથી સમભાવ રૂપ આત્મગુણોથી જીવનને સમૃદ્ધ બનાવે છે. સાધુ જીવનમાં હોય, તો પણ બહિર્મુખદષ્ટિ કે લોકૈષણાનો ત્યાગ કરીને એકાંત અંતર્મુખ સાધના કરે, તે બંને પ્રકારના સાધકો જીવનકાલમાં જ શરીર અને શરીરજન્ય સંયોગથી નિર્લેપ થવાનો પુરુષાર્થ કરે છે, તેથી જયારે શરીર દુર્બળ થઈ જાય, સાધનામાં સહાયક બને તેમ ન હોય, ત્યારે મરણના

ભયથી મુકત થઈને પ્રસન્ન ચિત્તે સ્વેચ્છાથી શરીરનો ત્યાગ કરવા માટે સાધક પંડિતમરણનો સ્વીકાર કરે છે.

એકવારના પંડિતમરણથી અનંત જન્મ-મરણની પરંપરા તૂટી જાય છે. પંડિતમરણમાં કોઈપણ પ્રકારનો આઘાત, શોક, ચિંતા કે  કલુષિત પરિણામો હોતા નથી. અત્યંત શાંતિ અને સમાધિભાવ તે જ પંડિતમરણનું મુખ્ય અંગ છે. પંડિતમરણે મૃત્યુ પ્રાપ્ત કરનાર સાધક સર્વકર્મનો ક્ષય કરે છે અથવા ઋદ્ધિસંપન્ન દેવગતિ પામે છે.

## અધ્યયન – ૬ : ક્ષુલ્લક નિર્ગ્રંથીય

આ અધ્યયનમાં નિર્ગ્રંથને રાગ-દ્વેષ રૂપ ગ્રંથી તોડવા માટે સતત સાવધાન રહેવાનો ઉપદેશ આપ્યો છે.

સ્વજનો, સંપત્તિ કે સાધનોનું બંધન તે બાહ્યગ્રંથી છે, અને અવિદ્યા, ભ્રાંતિ, મમત્વભાવ, સ્પૃહા, લાલસા આદિ વૈભાવિક ભાવો આભ્યંતરગ્રંથી છે. આ બંન્ને પ્રકારની ગ્રંથીથી મુક્ત થવાનો પુરુષાર્થ કરે, તે જ નિર્ગ્રંથ કહેવાય છે. બાહ્યગ્રંથીને તોડ્યા પછી પણ ઘણા સાધકો આભ્યંતરગ્રંથીમાં બંધાઈ જાય છે, ભગવાને તેના માટે ઉપદેશ આપ્યો છે કે જ્યાં સુધી અવિદ્યા-મિથ્યા ધારણાઓ, ભ્રાંતિ છે ત્યાં સુધી સર્વ ક્રિયા દુઃખનું કારણ

બને છે. સમસ્ત દુઃખનું મૂળ અજ્ઞાન છે, તેનાથી જ જન્મ-મરણનું વિષવૃક્ષ થાય છે. સાધક પ્રભુના ઉપદેશાનુસાર સ્વયં પુરુષાર્થશીલ બની, ભ્રાંતિ છોડી, પોતાના આત્માથી જ સત્યની શોધ કરે. આ જગતમાં માતા, પિતા આદિ સ્વજનો કે સાધન સંપત્તિ દુઃખથી મુકત કરી શકતા નથી, તેથી તેની અપેક્ષા અને સ્નેહબંધનને છોડી સાધનાપથ પર કદમ ઊઠાવે.

કેટલાક મંદ પુરુષાર્થી સાધકો સાધના પથ પર આવ્યા પછી પણ એકાંત જ્ઞાનવાદી આદિની ભ્રાંત ધારણામાં ફસાઈ જાય છે પરંતુ બંધ અને મોક્ષની વાતો કરવા માત્રથી બંધ અટકતો નથી કે મોક્ષ પ્રાપ્ત થતો નથી. તે માત્ર પોતાની જાતને આપેલું મિથ્યા આશ્વાસન છે, તેથી સત્યપુરુષાર્થી સાધક હંમેશા મિથ્યા માન્યતાઓ, તથા અવ્રત, પ્રમાદ, કષાય આદિ કર્મબંધના હેતુઓથી સદા દૂર રહે. પ્રમાદનો ત્યાગ કરે, પક્ષી પોતાની બંને પાંખને ખંખેરીને નિર્લેપપણે વ્યોમવિહાર કરે છે, બીજા દિવસ માટે કોઈ પણ સંગ્રહ કરતા નથી, તેમ સાધક મમત્વ આદિ ભાવોને ખંખેરીને સંયમનિર્વાહ માટે કોઈ પણ ચિંતા કર્યા વિના નિરપેક્ષ ભાવે વિચરણ કરે, તે જ નિર્ગ્રંથદશા છે.

## અધ્યયન – ૭ : ઉરભ્રીય

આ અધ્યયનમાં અનાસક્તભાવની મહત્તા ત્રણ દૃષ્ટાંતના માધ્યમથી સમજાવી છે, તેમાં પ્રથમ ઉરભ્ર–બોકડાનું દૃષ્ટાંત હોવાથી અધ્યયનનું નામ ઉરભ્રીય છે.

કોઈ ઘાતક પુરુષ બોકડાનું પાલન પોષણ કરે, રોજ તેને લીલું ઘાસ, ચોખા, જવ આદિ ખવડાવી હૃષ્ટ–પુષ્ટ બનાવે છે પરંતુ તે બોકડાની અનુકૂળતા અલ્પકાલીન છે. માંસની લાલચે તે ઘાતક પુરુષ તેનું પોષણ કરે છે અને કોઈ અતિથિ આવે, ત્યારે તેનો વધ થઈ જાય છે. તેમ મનોજ્ઞ વિષયયોની આસકિત, તેનાથી પ્રાપ્ત થતું સુખ ક્ષણિક છે, તેના માટે કરેલા હિંસા, અસત્ય, ચોરી, લૂંટફાટ આદિ પાપકારી પ્રવૃત્તિથી કરેલા કર્મબંધ અને તેના ફળ દીર્ઘકાલીન હોય છે. ઘોર કર્મબંધના પરિણામે તે જીવ પણ બોકડાની જેમ નરકાદિ દુર્ગતિના દુઃખો ભોગવે છે.

એક ભિખારીએ ભીખ માંગી માંગીને એક હજાર સુવર્ણમુદ્રા ભેગી કરી. તે પોતાના ગામ જઈ રહ્યો હતો. એક સુવર્ણમુદ્રા વટાવીને તેની સો કાકીણી લઈને તે રસ્તામાં ખાવા–પીવાનો ખર્ચ કરતો હતો, તેમાંથી એક કાકિણી શેષ રહી. આગળ ચાલતાં એક કાકિણી તે કયાંક

ભૂલી ગયો. રસ્તામાં યાદ આવતાં તે સુવર્ણમુદ્રાની થેલીને છૂપાવીને કાકીણીને શોધવા ગયો. ત્યાં કાકીણી મળી નહીં, તે નિરાશ થઈને પાછો ફર્યો, ત્યાં અહીંથી સોનામહોરની થેલી ગુમ થઈ ગઈ હતી. એક કાકીણી માટે તેણે સર્વસ્વ ગુમાવ્યું. તે જ રીતે ભોગવિલાસના ક્ષણિક સુખ માટે શાશ્વત સુખની પરવાહ ન કરનાર પેલા ભિખારીની જેમ સર્વસ્વ ગુમાવીને અંતે પશ્ચાતાપ કરે છે.

ત્રણ વણિકપુત્રો વ્યાપાર કરવા ગયા. તેમાંથી એક પુત્ર ખૂબ કમાઈને આવ્યો. બીજો નફો કર્યા વિના મૂળ મૂડીને સલામત રાખીને આવ્યો અને ત્રીજો મૂડી ગુમાવીને આવ્યો. તે જ રીતે મનુષ્યભવને પ્રાપ્ત કરવો તે મૂળ મૂડીની સુરક્ષા છે, દેવગતિ યોગ્ય સત્કૃત્યો કરવા, તે લાભ છે અને નરક કે તિર્યંચ ગતિ યોગ્ય કૃત્યો કરવા, તે મૂડીને ગુમાવવા સમાન છે.

દેવોના દિવ્ય કામભોગની અપેક્ષાએ મનુષ્યના કામભોગ તુચ્છ અને નિઃસાર છે, દેવના દિવ્ય ભોગ પણ કર્મજન્ય હોવાથી શાશ્વત નથી, તેથી સાધક બાલ–અજ્ઞાની જીવોની દશાને જોઈને સ્વયં નિસ્પૃહપણે વિચરે તે જ પંડિત પુરુષોનું લક્ષણ છે.

## અધ્યયન – ૮: કાપીલીય

આ અધ્યયનમાં કપિલના કથાનક દ્વારા સંતોષથી લોભ પર વિજય પ્રાપ્ત થાય છે, તે સિદ્ધાંતને સમજાવ્યો છે, તેથી અધ્યયનનું નામ કાપીલીય છે.

અનેક વિદ્યાઓમાં પારગામી કાશ્યપ બ્રાહ્મણ રાજપુરોહિત હતા. તેનું અચાનક મૃત્યુ થયું, ત્યારે તેના પુત્ર કપિલે વેદ વગેરેનો અભ્યાસ કર્યો ન હોવાથી તેને પુરોહિત પદ મળ્યું નહીં. આ ઘટનાથી તેની માતા અત્યંત દુઃખી થતી હતી. કપિલે માતાના દુઃખનું કારણ જાણી તેના નિવારણ માટે શ્રાવસ્તી નગરીમાં પિતાના મિત્ર બ્રાહ્મણને ત્યાં ભણવા ગયો. તેની જમવાની વ્યવસ્થા ત્યાંના એક વણિક શ્રેષ્ઠીને ત્યાં હતી. કપિલનો અભ્યાસ ચાલુ હતો. તે કાલ દરમ્યાન તે શેઠની દાસીના અનુરાગમાં ફસાયો, ગૃહસ્થ જીવનવ્યવહાર માટે તેની પાસે આવકનું કોઈ સાધન ન હતું. એકવાર નગરીમાં મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. કપિલ પાસે મહોત્સવમાં જવા યોગ્ય વસ્ત્ર, આભૂષણો વગેરે ન હતા. તેની ઈચ્છાપૂર્તિ માટે દાસીએ ઉપાય બતાવ્યો કે નગરીના રાજા પ્રાતઃકાલે સર્વ પ્રથમ વધાઈ આપનાર બ્રાહ્મણને બે માસા સોનું આપે છે. કપિલ સર્વ પ્રથમ પહોંચવા માટે મધ્યરાત્રિના નીકળી

ગયો. નગરરક્ષકોએ તેને ચોર સમજીને પકડી લીધો અને રાજા સમક્ષ હાજર કર્યો. રાજા સમક્ષ કપિલે સત્ય હકીકત રજૂ કરી. રાજા કપિલની સરળતા અને સ્પષ્ટવાદિતા પર પ્રસન્ન થયા અને કહ્યું, 'તારી જે ઈચ્છા હોય તે માંગી લે. હું તારી ઈચ્છા પૂરી કરીશ.' કપિલના અંતરમાં અદમ્ય કામનાઓ હતી, તેથી વિચાર કરવા લાગ્યો કે શું માંગું ? તેની ઈચ્છા ક્રમશઃ વધવા લાગી, લાખો, કરોડો સોનામહોરની ઈચ્છાથી પણ મન શાંત ન થયું. એકાએક ચિંતનની ધારા પરિવર્તિત થઈ. લોભવૃત્તિએ વળાંક લીધો. સંતોષની વૃત્તિ પ્રગટ થઈ. સ્વયં બોધ પામી ગયા. પરમ સંતોષની અનુભૂતિ સહ રાજાની સમક્ષ આવ્યો અને કહ્યું, 'હે રાજન ! જે જોઈતું હતું, તે મને મળી ગયું છે, આપની પાસેથી લેવાની કોઈ ઈચ્છા નથી. બસ ! સંતોષ રૂપી જલ દ્વારા લોભની અગ્નિ શાંત થઈ ગઈ. રાજા પાસેથી નીકળી નિર્ગ્રંથપણાનો સ્વીકાર કર્યો. છ મહિના સુધી સાધનામાં તલ્લીન બનીને કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કર્યું.

ત્યાર પછી જગજજીવોને ઉપદેશ આપ્યો કે જયાં લાભ છે ત્યાં લોભ છે, લાભથી લોભની વૃદ્ધિ થાય છે. બે માસા સોનાની ઈચ્છાથી ગયેલો કપિલ કરોડો

સોનામહોરથી પણ શાંત થઈ શકયો નહીં.

સ્વજનોના સ્નેહનું બંધન લોભનું નિમિત્ત છે, તે જ રીતે લોભવૃત્તિ હિંસા આદિ પાપને જન્મ આપે છે. સાધનામય જીવનમાં પ્રવેશ કર્યા પછી પણ લોભથી અનેક અનર્થકારી પ્રવૃત્તિનું સેવન થાય છે. વેષધારી સાધુ મંત્ર, તંત્ર, જ્યોતિષ આદિ વિદ્યાના પ્રયોગથી પોતાની આજીવિકા ચલાવે છે. આ પ્રકારની પાપપ્રવૃત્તિથી અનંત સંસાર પરિભ્રમણ વધારે છે, તેથી સાધક સંસારના સંબંધોમાં આસકિત, રસલોલુપતા, સ્ત્રીસંગ, કામભોગ આદિનો ત્યાગ કરી નિર્દોષ આહારથી નિઃસ્પૃહ ભાવે જીવન વ્યતીત કરે, તે જ લોભવિજયની સાધના છે.

## અધ્યયન – ૯: નમિ પ્રવ્રજ્યા

આ અધ્યયનમાં નમિરાજર્ષિની પ્રત્યેકબુદ્ધપણે પ્રવ્રજ્યા ગ્રહણની ઘટનાનું પ્રતિપાદન છે.

મિથિલાના રાજા નમિરાજને એકદા તીવ્ર દાહજવર થયો. છ મહિના સુધી ઉપચાર કરવા છતાં રોગ શાંત ન થયો. વૈદ્યના સૂચન મુજબ શરીરે સુખડનો લેપ લગાવવા રાણીઓ સ્વયં સુખડ ઘસવા લાગી. ત્યારે હાથમાં પહેરેલા કંકણો પરસ્પર અથડાવાથી અવાજ થવા લાગ્યો. નમિરાજા તે સહન કરી શકયા નહીં.

રાણીઓએ હાથમાં સૌભાગ્યચિહ્ન રૂપ એક એક કંકણ રાખી બીજા કંકણો કાઢી નાંખ્યા. અવાજ બંધ થયો, રાજાને ખબર પડી કે રાણીઓના હાથમાં એક-એક કંકણ હોવાથી અવાજ બંધ થયો છે. આ ઘટનાથી રાજાના વિચારોનું પરિવર્તન થયું, તે પ્રતિબોધ પામી ગયા કે **જયાં એક છે ત્યાં શાંતિ છે, અનેક છે ત્યાં સંઘર્ષ છે,** જયાં એક આત્મભાવ છે, ત્યાં દુઃખ નથી, જયાં રાગ-દ્વેષાદિ મોહભાવ છે, ત્યાં દુઃખ છે. તેમના અંતરમાં વૈરાગ્ય ભાવ જાગૃત થયો. સંસારના સમસ્ત સંબંધો, રાજકીય સુખોનો સર્વત્યાગ કરીને સંયમ સ્વીકારનો દૃઢ સંકલ્પ કર્યો, ત્યારે પ્રથમ દેવલોકના ઈન્દ્ર, શક્રેન્દ્ર નમિરાજાના વૈરાગ્યભાવની કસોટી કરવા બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને નમિરાજાની પાસે આવ્યા અને લોકજીવન સંબંધિત દશ પ્રશ્નો તથા તર્ક દ્વારા રાજાની કસોટી કરી. તે દશ પ્રશ્નો આ પ્રમાણે છે- (૧) ઈન્દ્ર-મિથિલા નગરીમાં આજે ચારેબાજુ કોલાહલ થઈ રહ્યો છે. આક્રંદ સંભળાઈ રહ્યું છે તેનું શું કારણ છે ? રાજાએ વૈરાગ્યભાવ પૂર્વક ઉત્તર આપ્યો કે ઉદ્યાનનું કોઈ સુંદર વૃક્ષ, પત્ર, પુષ્પો અને ફળથી ભરેલું હોય, અનેક પક્ષીઓના આશ્રયસ્થાન રૂપ હોય અને તે વૃક્ષ ધરાશાયી થઈ જાય,

ત્યારે પક્ષીઓ પોતાના સ્વાર્થથી આક્રંદ કરીને કોલાહલ કરે છે, તેમ આ સ્વજનો સ્વાર્થથી રડી રહ્યા છે. હું વિશ્વના સમસ્ત જીવોના આક્રંદને શાંત કરવા જાઉં છું. (૨) **ઈન્દ્ર**– વાયુપ્રેરિત આગથી અંતઃપુર બળી રહ્યું છે, આપ તેની ઉપેક્ષા કેમ કરો છો ? તે આગ બુઝાવીને જજો. **રાજા** : મિથિલાનગરીની જે વસ્તુ બળી રહી છે, તે વસ્તુ મારી નથી અને મારું છે તે બળતું નથી. હું એક શુદ્ધાત્મસ્વરૂપ છે. બળી રહેલા સર્વ પદાર્થોની આસકિતથી હું વિરકત થઈ ગયો છું. (૩) **ઈન્દ્ર**– નગરની સુરક્ષા માટે આપ કિલ્લો, ખાઈઓ અને શસ્ત્રાસ્ત્રની વ્યવસ્થા કરીને દીક્ષા લેજો. **રાજા** : મેં શ્રદ્ધારૂપી નગર, ક્ષમારૂપ કિલ્લો, તપ–સંયમ રૂપી આગળિયો, ત્રણ ગુપ્તિરૂપ શસ્ત્ર, આત્મપરાક્રમ રૂપ ધનુષ્ય, સમિતિ રૂપ દોરી અને ધીરજ રૂપ મૂઠ બનાવીને તેને સત્યથી બાંધ્યું છે. આ સાધનોથી મારી સંપૂર્ણ સુરક્ષા થાય છે. બાહ્ય સુરક્ષાની મારે જરૂર નથી. (૪) **ઈન્દ્ર**– પોતાના વંશજો માટે પ્રાસાદ વગેરે બનાવીને ત્યાર પછી આપ જજો. **રાજા** : જયાં આપણું જીવન જ ક્ષણિક છે, ત્યાં ઘર બનાવવાનો શું અર્થ ? જેને લક્ષ્યસિદ્ધિમાં સશંય હોય, તે માર્ગમાં ઘર બનાવે છે. મારે શાશ્વતસ્થાન રૂપ સિદ્ધિને જ મારું ઘર બનાવવું છે.

(૫) **ઈન્દ્ર**- ચોર, ડાકુઓ વગેરેનો નિગ્રહ કરીને પછી દીક્ષા લેજો. **રાજા :** સંસારમાં અપરાધીઓને ઓળખવા મુશ્કેલ છે, ઘણીવાર નિરપરાધી વ્યક્તિઓ દંડાય છે, તેથી હું મારા આત્માના અપરાધોને જ દૂર કરવા પ્રયત્નશીલ છું. (૬) **ઈન્દ્ર**- વિરોધિ રાજાઓને પરાજિત કરીને, તેમજ વશ કરીને ત્યાર પછી દીક્ષા લેજો. **રાજા :** એક વ્યક્તિ દશ હજાર શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરે અને એક આત્મવિજય પ્રાપ્ત કરે, તો તે બંનેમાંથી આત્મવિજેતા જ શ્રેષ્ઠ છે. બાહ્ય શત્રુઓ પર પ્રાપ્ત કરેલો વિજય ક્ષણિક છે, આત્મવિજય શાશ્વત છે, તેથી તે સુખનું કારણ છે. (૭) **ઈન્દ્ર**-મહાન યજ્ઞ કરીને, શ્રમણો-બ્રાહ્મણોને જમાડીને, વગેરે દાન-પુણ્યના કાર્યો કરીને, ભોગ ભોગવીને પછી દીક્ષા લેજો. **રાજા :** એક વ્યક્તિ દર મહિને દશ હજાર ગાયોનું દાન આપે છે, તેની અપેક્ષાએ દાન ન આપનાર સંયમી શ્રેષ્ઠ છે. સાવદ્યકારી યજ્ઞ અને દાન, ભોગ વગેરેની અપેક્ષાએ સર્વવિરતિ સંયમ શ્રેષ્ઠ છે. (૮) **ઈન્દ્ર**- ઘોરાશ્રમરૂપ ગૃહસ્થાશ્રમને છોડી સંયમ ગ્રહણ કરવાની અપેક્ષાએ અહીં રહીને જ પૌષધવ્રતાદિનું પાલન કરવું તે ક્ષત્રિયધર્મ છે. **રાજા :** જે અજ્ઞાની સાધક માસખમણના પારણે

ડાભના અગ્રભાગ પર રહે તેટલો આહાર કરે, તો પણ તે ચારિત્રધર્મની સોળમી કળા સમાન પણ નથી, માટે સર્વવિરતિધર્મ જ સર્વશ્રેષ્ઠ છે. (૯) ઈન્દ્ર– સોનુ, રૂપુ, મોતી આદિ બહુમૂલ્યવાન પદાર્થોથી ખજાનાને સમૃદ્ધ બનાવીને ત્યાર પછી દીક્ષા લેજો. **રાજા** : જગતના સમસ્ત ભૌતિક પદાર્થો એક વ્યકિતને મળી જાય, તો પણ વ્યક્તિની ઈચ્છા પૂર્તિ થતી નથી કારણ કે **મનુષ્યની ઈચ્છા આકાશની જેમ અનંત છે**, તેની પૂર્તિ શકય નથી. (૧૦) ઈન્દ્ર– તમે બુદ્ધિમાન હોવા છતાં અદ્‌ભુત ભોગોને છોડીને ભવિષ્યના સુખની ઈચ્છાથી પ્રવ્રજયા ગ્રહણ કરો છો. તેમાં પાછળથી પસ્તાવાનું છે. **રાજા** : કામભોગ શલ્ય રૂપ છે, કષાયો આત્મગુણોના ઘાતક છે માટે ભોગ અને કષાયનો ત્યાગ શ્રેયકારી છે. ભોગની ઈચ્છા માત્ર કરનારા પણ દુર્ગતિમાં જાય છે.

નમિરાજર્ષિના ઉત્તરો સાંભળી ઈન્દ્ર પ્રભાવિત થયા, પરમ શ્રદ્ધાભકિતથી રાજાની સ્તુતિ, પ્રશંસા તેમ જ વંદના કરીને સ્વસ્થાને ગયા. નમિરાજર્ષિએ દીક્ષા અંગીકાર કરી સંયમનું પાલન કરી મોક્ષે ગયા.

## અધ્યયન – ૧૦ : દ્રુમપત્રક

આ અધ્યયનમાં ભગવાને ગૌતમસ્વામીને સંબોધન

કરીને સર્વ જીવોને પ્રમાદત્યાગનો સંદેશ આપ્યો છે.

જેમ ઝાડના પીળા થયેલા પાન સૂકાઈને ખરી પડે છે, તેમ આયુષ્ય પૂર્ણ થતાં જીવને આ શરીર છોડવું પડે છે. ઓસબિંદુ સમાન મનુષ્યનું જીવન ક્ષણિક છે. અનંત ભવભ્રમણ પછી મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે. આ જીવે અસંખ્યકાલ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુકાયમાં, અનંતકાલ વનસ્પતિમાં, સંખ્યાતકાલ વિકલેન્દ્રિય જાતિમાં પસાર કર્યો છે. પંચેન્દ્રિયજાતિમાં નિરંતર સાત કે આઠ ભવ કરે છે. આ રીતે જીવ પોતાના કર્માનુસાર ભવભ્રમણ કરે છે. તેમાં પુણ્યયોગે મનુષ્યજન્મ પ્રાપ્ત થાય, તો પણ તેનું આયુષ્ય નારકી અને દેવોની અપેક્ષાએ અત્યંત અલ્પ, અનેક અંતરાયોથી, વ્યાઘાતોથી ભરેલું છે, તે કયારે પૂર્ણ થાય તે કહી શકાતું નથી. મનુષ્ય જીવનના અલ્પ આયુષ્યમાં પણ ઈન્દ્રિયશકિત ક્રમશઃ ક્ષીણ થતી જાય છે. કયારેક ભયંકર વ્યાધિ ઉત્પન્ન થાય, આ પ્રકારની બાધાજનક પરિસ્થિતિમાં મનુષ્યે ક્ષણ માત્રનો પ્રમાદ કરવો ન જોઈએ.

જેમ કમળ પાણીમાં ઉત્પન્ન થઈને પાણીમાં રહેવા છતાં પાણીથી નિર્લેપ રહે છે, તેમ સાધક સ્વજનોના સ્નેહબંધનથી, કામભોગથી નિર્લેપ રહે. આજે તીર્થંકરો

નથી, પરંતુ તીર્થંકર કથિત મોક્ષમાર્ગ છે. અથાગ પુરુષાર્થે પ્રાપ્ત થયેલા સંયમ માર્ગમાં આવ્યા પછી પ્રમાદ કરવો, તે ઘોર સમુદ્રમાંથી મહામહેનતે કિનારા સુધી પહોંચ્યા પછી પ્રમાદ કરીને ફરી સમુદ્રમાં ડૂબવા જેવું છે, તેથી હે સાધક ! અપ્રમત્તભાવે સંયમમાર્ગને વફાદાર રહીને સાધ્યને સિદ્ધ કરી લે.

## અધ્યયન – ૧૧ : બહુશ્રુતપૂજા

આ અધ્યયનમાં બહુશ્રુતની પૂજા અર્થાત્ મહિમાનું પ્રતિપાદન છે. બહુશ્રુત એટલે આગમના જ્ઞાતા અને આચારનિષ્ઠ સાધક. તેની ત્રણ કક્ષાની અપેક્ષાએ તેના ત્રણ ભેદ છે. **જઘન્યબહુશ્રુત**–અનેક શાસ્ત્રોના અધ્યેતા અને આચારાંગસૂત્ર તથા નિશીથસૂત્ર, આ બે સૂત્રને અર્થ સહિત કંઠસ્થ ધારણ કરનારા સાધુ. **મધ્યમબહુશ્રુત**– પૂર્વોકત બે સૂત્ર સહિત સૂયગડાંગસૂત્ર અને ત્રણ છેદ સૂત્રને અર્થ સહિત કંઠસ્થ ધારણ કરનારા સાધુ અને **ઉત્કૃષ્ટ બહુશ્રુત**–ચૌદપૂર્વના ધારક સાધક ઉત્કૃષ્ટ બહુશ્રુત છે.

અભિમાન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ, આ પાંચ અવગુણ જ્ઞાનપ્રાપ્તિમાં બાધક બને છે. તે અવિનીત સાધુ જ્ઞાનપ્રાપ્ત કરી શકતા નથી. જ્ઞાનપ્રાપ્તિ

માટે સાધક હંમેશાં ગુરુચરણોની ઉપાસના કરીને વિનયભાવપૂર્વક પુરુષાર્થ કરે.

અપ્રમત્તપણે પુરુષાર્થ કરતા સાધક ક્રમશઃ બહુશ્રુતપદને પામે છે. બહુશ્રુત સાધુ સંઘની અને શાસનની શોભા રૂપ છે. (૧) જેમ શંખમાં રાખેલું દૂધ શંખની શ્વેતતાથી વિશેષ શ્વેત લાગે છે તેમ બહુશ્રુત સાધુ જ્ઞાન અને આચારથી વિશેષ શોભે છે. (૨) જાતિવાન અશ્વ ગુણોથી અને ગતિથી શ્રેષ્ઠ છે. તેના પર આરૂઢ થયેલો પરાક્રમી યોદ્ધો ચારેબાજુ રેલાતા નંદીઘોષથી શોભે છે, તેમ બહુશ્રુત શ્રેષ્ઠ ગુણોથી પ્રશંસા અને સન્માન પામે છે. (૩) તે જ રીતે હાથણીઓથી ઘેરાયેલો ગજરાજ (૪) પુષ્ટ સ્કંધવાળો વૃષભ (૫) અજેય વનરાજ (૬) શંખ, ચક્ર, ગદાને ધારણ કરનારા વાસુદેવ (૭) ચૌદ રત્નના સ્વામી ચક્રવર્તી (૮) હજાર નેત્રવાળા શક્રેન્દ્ર (૯) અંધકારનાશક જાજલ્યમાન સૂર્ય (૧૦) ગ્રહ, નક્ષત્ર અને તારાના પરિવારથી સુશોભિત ચંદ્ર (૧૧) ધાન્યથી સુરક્ષિત કોઠાર (૧૨) અનાદતદેવનું સુદર્શન નામનું જંબૂવૃક્ષ (૧૩) પાણીના પ્રવાહથી પરિપૂર્ણ સીતા નદી (૧૪) અનેક ઔષધિઓથી ભરપૂર સુમેરુ પર્વત (૧૫) અક્ષય જલનિધિ અને અનેક રત્નોથી

ભરપૂર સ્વયંભૂરમણ સમુદ્ર, પોત-પોતાની જાતિમાં શ્રેષ્ઠ, સુશોભિત અને સન્માનનીય છે. તે જ રીતે બહુશ્રુત પોતાના સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી ગુણ સંપતિથી, આચાર અને વિચારની ઉજજવળતાથી ચતુર્વિધ શ્રીસંઘમાં શોભનીય, સન્માનનીય અને પ્રશંસનીય છે.

બહુશ્રુત સાધુ ઉચ્ચત્તમ જ્ઞાનારાધના સાથે દર્શનારાધના અને ચારિત્રારાધના દ્વારા સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે.

## અધ્યયન – ૧૨ : હરિકેશીય

આ અધ્યયનમાં ચાંડાલકુલમાં ઉત્પન્ન થયેલા હરિકેશીમુનિની જીવનની એક ઘટનાનું વર્ણન છે.

હરિકેશીકુમાર પૂર્વના ભવમાં જાતિમદના પરિણામે ચાંડાલકુલમાં ઉત્પન્ન થયા અને રૂપમદના પરિણામે કૂબડા, કુરુપ અને બેડોળ થયા. તેની કુરુપતાથી લોકો તેની ઘૃણા કરતા હતા. લોકોના વ્યવહારથી તેનો સ્વભાવ ઉગ્ર અને ક્રોધી થતો ગયો. એકદા વસંતોત્સવમાં બાળકો રમી રહ્યા હતા. ત્યાં એક વિષધર સર્પ નીકળ્યો. લોકોએ તેને દુષ્ટ જાણીને મારી નાંખ્યો, ત્યારપછી એક નિર્વિષસર્પ નીકળ્યો. લોકોએ તેને નિર્વિષ જાણીને છોડી દીધો. આ બંને ઘટનાને જોઈને હરિકેશી વિચારવા લાગ્યો

કે પ્રાણી પોતાના સ્વભાવથી જ દુઃખી થાય છે. હું પણ મારા સ્વભાવને શાંત કરું, તો સહુનો પ્રિય બનીશ. આ પ્રમાણે વિચારતાં જ તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તેને પોતાનો પૂર્વભવ અને ત્યાં કરેલો જાતિમદ–રૂપમદ વગેરે કર્મબંધના કારણ જાણીને વૈરાગ્યભાવ પ્રગટ થયો. સંયમ સ્વીકારીને તપ સાધનામાં લીન બની ગયા.

એકદા માસખમણની તપસ્યાના પ્રભાવે ગંડીતિંદુક નામનો એક યક્ષ તેમનો સેવક બની ગયો. એકદા રાજપુત્રી ભદ્રા યક્ષના મંદિરે પૂજા કરવા આવી. ત્યાં તે રાજકન્યા મેલા કપડાવાળા કુરુપ મુનિને જોઈને ઘૃણાભાવથી તેના પર થૂંકી. રાજપુત્રીના અસભ્ય વર્તનથી યક્ષે ક્રોધિત થઈને રાજપુત્રીના શરીરમાં પ્રવેશ કર્યો. યક્ષાવિષ્ટ રાજપુત્રી પાગલની જેમ અસંબદ્ધ વર્તન કરવા લાગી. તેના નિવારણ માટે અનેક પ્રયત્નો કરવા છતાં રાજા નિષ્ફળ ગયા, ત્યારે યક્ષે બીજાના શરીરમાં પ્રવેશ કરીને કહ્યું કે 'આ રાજપુત્રીએ મુનિની હિલના–નિંદા કરી છે, તેનું આ પરિણામ છે. જો તમે તેને જીવિત રાખવા ઈચ્છતા હો, તો આ અપરાધના પ્રાયશ્ચિત રૂપે તે રાજકન્યાના મુનિ સાથે લગ્ન કરો.' રાજાએ ના છૂટકે મુનિ સમક્ષ પ્રસ્તાવ મૂકયો, પરંતુ હરિકેશી મુનિએ તેનો

ઈન્કાર કર્યો. ત્યારે રાજકન્યા નિરાશ થઈને ઘેર પાછી ગઈ અને કાલક્રમે મુનિ દ્વારા અસ્વીકૃત રાજકન્યા ભદ્રાના લગ્ન રાજપુરોહિત રુદ્રદેવ બ્રાહ્મણ સાથે થયા.

બ્રાહ્મણ પોતાની પત્ની ભદ્રાને યજ્ઞશાળાની વ્યવસ્થા સોંપીને એક મહાન યજ્ઞમાં ગયા. માસખમણના તપસ્વી હરિકેશીમુનિ પારણાના દિવસે યજ્ઞશાળામાં પધાર્યા. ત્યાં બ્રાહ્મણોએ આહારદાનનો નિષેધ કર્યો. ત્યારે યક્ષે મુનિના શરીરમાં પ્રવેશ કરીને બ્રાહ્મણોને પોતાનો પરિચય આપ્યો તથા નિર્ગ્રંથમુનિને અપાતા આહારદાનનો મહિમા સમજાવ્યો, તેમ છતાં બ્રાહ્મણકુમારો માન્યા નહીં, ત્યારે યક્ષે બ્રાહ્મણકુમારોને નિશ્ચેષ્ટ કરી દીધા, અંતે પુરોહિત પત્ની ભદ્રાના સમજાવવાથી સર્વ બ્રાહ્મણોએ મુનિની ક્ષમાયાચના કરી અને મુનિને પારણાનો લાભ આપવા વિનંતી કરી અને ભાવપૂર્વક આહારદાન કર્યું. ત્યાં તપના પ્રભાવે દિવ્યવૃષ્ટિ થઈ. ત્યારપછી મુનિએ બ્રાહ્મણોને ભાવયજ્ઞ તથા ભાવસ્નાનનું સ્વરૂપ સમજાવ્યું. અગ્નિનો આરંભ કરીને યજ્ઞ કરવાથી કે પાણીથી સ્નાન કરવાથી શુદ્ધિ થતી નથી પરંતુ જો કર્મને ભસ્મીભૂત કરવા હોય, તો ભાવયજ્ઞ જ સર્વશ્રેષ્ઠ છે. તેના માટે જીવરૂપ અગ્નિકુંડ, તપરૂપ જ્યોતિ, યોગની શુભ

પ્રવૃત્તિરૂપ કડછી, કર્મ રૂપ ઈંધન છે. સંયમના અનુષ્ઠાનો રૂપ શાંતિપાઠથી ભાવયજ્ઞ થાય છે અને મુનિઓ માટે ભાવયજ્ઞ જ કરણીય છે.

બ્રહ્મચર્ય વ્રતમાં સ્થિત યજમાન ધર્મરૂપ જળાશયમાં સ્નાન કરીને કર્મરૂપ મળને દૂર કરીને પવિત્ર અને શીતલીભૂત થાય છે.

આત્મસાધનાના ક્ષેત્રમાં જાતિ કે કુળની કોઈ વિશેષતા નથી, સાધક પોતાની ભાવશુદ્ધિથી જ આત્મવિશુદ્ધિ કરીને હરિકેશી મુનિની જેમ સિદ્ધ થાય છે.

## અધ્યયન – ૧૩ : ચિત્તસંભૂતીય

આ અધ્યયનમાં ચિત્ત અને સંભૂત્તિ નામના બે ભાઈઓના પાંચ ભવના ભ્રાતૃસંબંધ અને છટ્ઠા ભવમાં બંનેના અલગ-અલગ સ્થાનમાં જન્મ થવાનું કારણ બંને ભાઈઓના સંવાદ દ્વારા સમજાવ્યું છે.

પ્રથમ ભવમાં દશાર્ણનગરમાં શાંડિલ્ય બ્રાહ્મણની દાસીને ત્યાં યુગલ રૂપે **બંને ભાઈઓ** હતા. ત્યાં સર્પના ડંશથી મૃત્યુ પામી તિર્યંચગતિમાં **હરણ** રૂપે બંને ઉત્પન્ન થયા. ત્યાં એક શિકારીએ બંનેને વીંધી નાખ્યા. ત્યાંથી મૃત્યુ પામીને બંને મૃતગંગાના કિનારે **રાજહંસ** બન્યા. ત્યાં એક માછીમારે બંનેની ડોક મરડીને મારી નાંખ્યા,

ત્યાંથી મૃત્યુ પામીને વારાણસીના ચાંડાલોના અધિપતિ ભૂતદત્તને ત્યાં પુત્રો રૂપે જન્મ્યા. ત્યાં તેમના નામ **ચિત્ત** અને **સંભૂતિ** હતા. બંને ભાઈઓ વચ્ચે અપાર પ્રેમ હતો. બંને ભાઈઓ નમૂચિ નામના મંત્રી પાસે નૃત્ય અને સંગીતકળામાં પારંગત થયા. એકદા બંને ભાઈઓ સંગીતની સૂરાવલી રેલાવતા હતા. પરંતુ ત્યાંના લોકોએ ચાંડાલ જાતિને જાણી તિરસ્કૃત કરીને કાઢી મૂકયા. બંને ભાઈઓ પર્વત પરથી પડીને આપઘાત કરવા જઈ રહ્યા હતા ત્યાં મુનિના ઉપદેશથી બોધ પામીને સંયમી બની ગયા. સંભૂતિમુનિએ મુનિપણામાં ચક્રવર્તીની સ્ત્રીરત્નના વાળની લટનો સ્પર્શ થતાં ચક્રવર્તી થવાનું નિદાન કર્યું. બંને મુનિઓ અંત સમયે અનશનની આરાધના કરીને **પ્રથમ સૌધર્મદેવલોકમાં દેવ** થયા. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને સંભૂતિના જીવે કાંપિલ્યનગરમાં બ્રહ્મરાજાની રાણી ચૂલનીમાતાની કુક્ષીએ પુત્રરૂપે જન્મ ધારણ કર્યો. પુણ્યયોગે તે પુત્ર પૂર્વકૃત નિદાનના યોગે **બ્રહ્મદત્ત ચક્રવર્તી** થયો. બ્રહ્મદત્ત ચક્રવર્તી એકદા નાટક જોતાં વિચારમાં લીન બન્યા હતા. તે સમયે તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તેમાં તેણે તેને પૂર્વના પાંચ ભવ અને પોતાના ભાઈ ચિત્તની

સ્મૃતિ થઈ.

ચિત્તના આત્માએ પુરિમતાલ નગરમાં ધનસાર શેઠને ત્યાં પુત્ર રૂપે જન્મ ધારણ કર્યો. તે પણ જાતિ સ્મરણજ્ઞાનથી બોધ પામી સાધુ બની ગયા. ગ્રામાનુગ્રામ વિહાર કરતાં પૂર્વજન્મના બંને ભાઈઓ ચિત્તમુનિ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીનું મિલન થયું. બંને સુખ-દુઃખના ફળ વિપાકની ચર્ચા કરવા લાગ્યા. પૂર્વના પાંચ ભવમાં સાથે હોવા છતાં છટ્ઠા ભવમાં જુદા થવાનું કારણ ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તીને સમજાવ્યું અને સંસારની અસારતાનો ઉપદેશ આપ્યો.

સંસારના સમગ્ર ભોગસુખ ભયંકર છે, સર્વ ગીતો વિલાપ સમાન છે, સર્વ નૃત્યો વિડંબના છે, તે સર્વ ક્ષણિક અને અસાર છે. આ રીતે ભોગોની અસારતા, અશરણતા, દુઃખકારકતા અને નશ્વરતા સમજાવી. બ્રહ્મદત્ત ચક્રવર્તીને સંયમ સ્વીકાર માટે પ્રેરણા આપી, પરંતુ બ્રહ્મદત્ત પૂર્વકૃત નિદાનના કારણે સંયમ સ્વીકાર કરી શકયા નહીં. ચક્રવર્તીના ભોગ સુખ ભોગવીને સાતમી નરકે ગયા અને ચિત્તમુનિ વૈરાગ્ય ભાવે સંયમનું પાલન કરીને સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધગતિને પામ્યા.

## અધ્યયન – ૧૪ : ઈષુકારીય

આ અધ્યયનમાં ભૃગુપુરોહિત, તેની પત્ની, તેમના બે પુત્રો, ઈષુકાર રાજા અને કમલાવતી રાણી, આ છ મોક્ષગામી જીવો એક બીજાના નિમિત્તે વૈરાગ્ય પામી, ઉત્કૃષ્ટ સંયમની આરાધના કરી મોક્ષગતિને પામ્યા, તેનું ભાવવાહી નિરૂપણ છે.

ભૃગુ પુરોહિતના બંને પુત્રોને જૈનમુનિઓને જોઈને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થયું અને તેઓ સંયમ સ્વીકારવા કટિબદ્ધ થયા, ત્યારે બંને પુત્રોએ માતા-પિતાને યુક્તિપૂર્વક ત્યાગધર્મની મહત્તા સમજાવી. આત્મીય સ્વજનો કે ભૌતિક સંપત્તિ ત્રાણશરણ રૂપ નથી. ખરેખર ! આ ભવના ભૌતિક સુખોમાં ક્ષણમાત્રનું સુખ અને દીર્ઘકાલના દુઃખનું કારણ છે તેમ છતાં જીવો આ મારું, આ તારું, આ કામ કર્યું, આ કરવાનું બાકી છે, આ પ્રકારની મમત્વવૃત્તિથી જીવન વ્યવહાર કરે છે. હે માતા પિતા ! જયાં સુધી વાસ્તવિકતાનું જ્ઞાન ન હતું ત્યાં સુધી સંસારવર્ધક પ્રવૃત્તિ કરી, પરંતુ 'સમજયા ત્યારથી સવાર' તે ન્યાયે સત્ય સમજાયા પછી ક્ષણમાત્રનો વિલંબ શકય નથી. આત્મા અરૂપી હોવાથી ઈન્દ્રિયગ્રાહ્ય નથી, પરંતુ તે નિત્ય છે. તે પોતાના કર્માનુસાર સ્વર્ગ-નરક આદિ

ગતિઓમાં જન્મ-મરણ કરી સુખ-દુઃખનો અનુભવ કરે છે, તેથી અમે સંસારનો ત્યાગ કરી કર્મક્ષયના મહામાર્ગે પ્રયાણ કરવા તત્પર છીએ.

બંને પુત્રોની વૈરાગ્ય સભર વાણીથી પુરોહિત અને તેની પત્ની પણ બોધ પામી ગયા. ચારે આત્માઓ સર્વસ્વનો ત્યાગ કરી સંયમના માર્ગે જતાં હોવાથી તેમનું ધન વગેરે રાજાભંડારમાં જઈ રહ્યું હતું. આ ઘટનાને જોઈને રાણી કમળાવતીના અંતઃકરણમાં પણ ત્યાગ માર્ગની સ્ફૂરણા થઈ. તેણે રાજાને ઉપદેશ આપ્યો કે હે રાજન્ ! પુરોહિતે વમન કરેલી સંપતિનો સ્વીકાર કરવો તે રાજાને માટે ઉચિત નથી. હે રાજન ! સમગ્ર સૃષ્ટિનું ધન આપને આધીન થાય, તો પણ તે ધન આપનું રક્ષણ કરી શકતું નથી, પરંતુ મનુષ્યજન્મમાં સમજણપૂર્વક આચરેલો ધર્મ જ વ્યકિતનું આ ભવમાં તેમજ ભવ પરંપરામાં રક્ષણ કરી શકે છે, તેથી હું સર્વસ્વનો ત્યાગ કરીને સંયમ માર્ગે પ્રયાણ કરવા ઈચ્છું છું.

રાણીના વૈરાગ્યભાવે રાજાને પણ સન્માર્ગની પ્રેરણા મળી અને તેઓ પણ મહામાર્ગે કદમ ઉઠાવવા તૈયાર થયા.

પૂર્વભવના સહયાત્રી છએ આત્માઓ ક્રમશઃ

વૈરાગ્યભાવે દીક્ષા અંગીકાર કરી તપ-સંયમની આરાધનાથી સર્વ કર્મ ક્ષય કરી સિદ્ધગતિને પામ્યા.

## અધ્યયન – ૧૫ : સભિક્ષુ

આ અધ્યયનમાં ભિક્ષુના લક્ષણોનું સાંગોપાંગ નિરૂપણ છે.

ભિક્ષા દ્વારા જીવનનિર્વાહ કરે, તે દ્રવ્યભિક્ષુ છે. જ્ઞાન-દર્શન ચારિત્રની આરાધનાના લક્ષે કામભોગનો, આશ્રવજન્ય રાગ દ્વેષાદિ પાપપ્રવૃત્તિઓનો, આળસ અને પ્રમાદનો, સ્વાદિષ્ટ અને સદોષ આહારનો ત્યાગ કરીને સાધુ સમાચારીનું જાગૃતિપૂર્વક પાલન કરે છે, તે ભાવ ભિક્ષુ છે.

જે ભિક્ષુ છે, તે જિનાજ્ઞાનું પૂર્ણપણે પાલન કરે છે. સંયમ માર્ગનો સ્વીકાર કર્યા પછી જગતના સર્વ જીવોને પોતાના આત્મા સમાન જાણીને સૂક્ષ્મ કે સ્થૂલ હિંસાનો ત્યાગ કરે છે. એકાંત આત્મશુદ્ધિની સાધના માટે પૂજા, સત્કાર, વંદન, પૂજન આદિ લૌકિક કામના કરતા નથી કે રોગાદિ પીડામાં મંત્ર, તંત્ર, વિદ્યાપ્રયોગ કે સ્વજનોનું સ્મરણ કરતા નથી. ઉપસર્ગ પરીષહોને સમભાવથી સહન કરે છે. સંક્ષેપમાં સર્વ પ્રકારે સમભાવની સાધના કરે છે, તે ભિક્ષુ છે.

## અધ્યયન – ૧૬ : બ્રહ્મચર્ય સમાધિસ્થાન

આ અધ્યયનમાં બ્રહ્મચર્યના દશ સમાધિસ્થાનોનું નિરૂપણ છે.

સાધક જીવનની સમસ્ત સાધના બ્રહ્મચર્યને કેન્દ્રમાં રાખીને જ થાય છે. બ્રહ્મચર્યની સુરક્ષા માટે ઈન્દ્રિય અને મનસંયમ રૂપ દશ નિયમો સમાધિસ્થાન કહેવાય છે.

(૧) સાધુ, સ્ત્રી, પશુ, પંડગ સહિત સ્થાન ભોગવે નહીં. (૨) સ્ત્રીઓની વિષયરૂપ વિકથા કરે નહીં. (૩) સ્ત્રી સાથે એક આસને બેસે નહીં. (૪) સ્ત્રીના અંગોપાંગ વિષયબુદ્ધિથી નીરખે નહીં (૫) ભીંત કે પડદાની આડશથી સ્ત્રીના શબ્દો, હાસ્ય, ગીતાદિ સાંભળે નહીં (૬) પૂર્વના ભોગનું સ્મરણ કરે નહીં (૭) ગરિષ્ટ આહાર કરે નહીં (૮) અતિમાત્રમાં આહાર કરે નહીં (૯) શોભા– વિભૂષા કરે નહીં (૧૦) મનોહર શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનું સેવન કરે નહીં.

જે સાધુ ઉપરોકત દશ સ્થાનનું સેવન કરે છે તેનું બ્રહ્મચર્યવ્રત ખંડિત થાય છે અને તે કેવળી પ્રરુપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે. જે સાધુ મન, વચન, કાયાથી દશ સમાધિસ્થાનનું સેવન કરે છે, તેનો સંયમભાવ, સંવરભાવ અને સમાધિભાવ પુષ્ટ થાય છે. તે સાધુ વિષયોથી

વિરક્ત થઈને, ગુપ્ત બ્રહ્મચારી બની અપ્રમત્તપણે સાધનાને સફળ બનાવે છે.

## અધ્યયન – ૧૭ : પાપશ્રમણ

આ અધ્યયનમાં સાધુપણામાં રહીને પાપપ્રવૃત્તિનું આચરણ કરનાર પાપશ્રમણના લક્ષણોનું પ્રતિપાદન છે.

જે સાધક સિંહવૃત્તિથી સંયમનો સ્વીકાર કરીને સિંહવૃત્તિથી સંયમનું પાલન કરે છે, તે શ્રેષ્ઠ શ્રમણ છે. જે સંયમમાર્ગનો સ્વીકાર કરી, કાયર બનીને શિથિલાચારનું સેવન કરે છે, તે પાપશ્રમણ છે.

જે સાધુ આત્મશુદ્ધિના લક્ષને ભૂલીને કેવળ દેહલક્ષી પ્રવૃત્તિ કરે, ખાઈ–પીને સૂતા રહે, સમિતિ–ગુપ્તિના પાલનમાં કે સમાચારીના પાલનમાં પ્રમાદ કરે, ગુરુની આશાતના કરે, શાસ્ત્રસ્વાધ્યાયમાં રુચિ રાખે નહીં, શરીરની અને સંયોગોની અનુકૂળતા માટે ગચ્છનો, ગુરુનો ત્યાગ કરે, રસાસ્વાદની આસકિતથી સરસ આહાર માટે ફર્યા કરે, કષાયોને ઉદ્દિપ્ત કરે વગેરે સાધુજીવનમાં અશોભનીય પ્રવૃતિ કરે, તે પાપશ્રમણ છે. પાપશ્રમણનું સ્વરૂપ જાણીને સાધુ તથાપ્રકારની અયોગ્ય પ્રવૃતિનો સર્વથા ત્યાગ કરીને જિનાજ્ઞાપાલનમાં દત્તચિત્ત બને છે.

## અધ્યયન – ૧૮ : સંજતીય

આ અધ્યયનમાં સંયતિ રાજર્ષિના જીવનના એક પ્રસંગનું કથન છે.

કાંપિલ્યનગરના રાજા સંયતિ એકદા ચતુરંગી સેના સાથે શિકાર માટે ગયા, તેણે એક હરણને તીરથી વીંધી નાંખ્યું. હરણ દોડીને વનમાં ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા ગર્દભાલી મુનિ પાસે પડ્યું. રાજા ઘાયલ થયેલા હરણની શોધમાં આવ્યા. ત્યાં તેણે મુનિને જોયા. મુનિને જાઈને તેણે વિચાર્યું કે, આ હરણો મુનિની માલિકીના હશે, તેથી મૃગઘાતથી મુનિ ક્રોધિત થશે. આ પ્રકારની વિચારણાથી મુનિના કોપના ભયથી રાજા ભયભીત થયા. મુનિએ આંખ ખોલી, સંયતિરાજાએ પોતાના નામપૂર્વક પરિચય આપ્યો અને પોતાના અપરાધની વારંવાર ક્ષમાયાચના કરી. સમભાવી મુનિએ સન્માર્ગનો ઉપદેશ આપતા કહ્યું, 'હે રાજન્ ! મારા તરફથી તમોને સદાય અભય છે. તમે મારાથી ભયભીત ન થાઓ પરંતુ તમે પણ અનેક જીવોને અભયદાન આપનારા થાઓ.'

મુનિના ઉપદેશથી રાજા પ્રતિબોધ પામ્યા અને સર્વ જીવોને અભયદાન આપવા માટે સંયમ માર્ગનો સ્વીકાર કર્યો. ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સંયતિમુનિને

ક્ષત્રિય રાજર્ષિનો ભેટો થયો. બંને વચ્ચે સંવાદ થયો તેમાં ક્ષત્રિય રાજર્ષિએ સંયતિમુનિને જ્ઞાનવૃદ્ધિ માટે તેમ જ વૈરાગ્યભાવની પરિપકવતા માટે ઉપદેશ આપ્યો કે જ્ઞાનનો નિષેધ કરીને ક્રિયામાત્રનો સ્વીકાર કરનાર કે ક્રિયાની નિરર્થકતા પ્રગટ કરીને જ્ઞાનની પ્રધાનતા પ્રગટ કરનાર એકાંતવાદીઓની વાતો કેવળ વાણીવિલાસ છે. સાધકે સન્માર્ગમાં સ્થિર રહેવા માટે સ્વચ્છંદ અભિપ્રાયો, મત- મતાંતરો, કદાગ્રહો તથા આત્મકલ્યાણમાં બાધક નિમિત્તોથી સદા દૂર રહેવું જોઈએ. કોઈપણ વેશમાં રહેલી વ્યકિત પોતાના કર્માનુસાર નરક કે સ્વર્ગગતિમાં જાય છે. સંયમનું યથાર્થ પાલન કરનાર સાધક સિદ્ધ થાય છે, જેમ ભરતાદિ દશ ચક્રવર્તી, નમી રાજર્ષિ, કરકંડુ, દ્વિમુખ અને નગ્ગઈ આ ચારે પ્રત્યેક બુદ્ધ, ઉદાયનરાજા, દશાર્ણભદ્ર રાજા વગેરે સંયમની સાધના કરીને સિદ્ધ થયા છે.

સંક્ષેપમાં તૃપ્તિ ત્યાગમાં છે, આનંદ અનાસકત ભાવમાં છે, શાંતિ અને સમાધિભાવ સમાધિની સાધનામાં છે.

## અધ્યયન – ૧૯ : મૃગાપુત્રીય

આ અધ્યયનમાં સુગ્રીવ નગરના રાજા બલભદ્ર

અને તેની રાણી મૃગાવતીના પુત્ર મૃગાપુત્રના વૈરાગ્યભાવનું મુખ્યતયા વર્ણન છે.

એક વખત મહેલના ઝરુખામાં પોતાની રાણીઓની સાથે બેસીને શહેરના સૌદર્યનું નિરીક્ષણ કરતા મૃગાપુત્રને શીલસંપન્ન, પ્રશાંત, તેજસ્વી સાધુને જોઈને જાતિસ્મરણજ્ઞાન થયું. તેને પૂર્વભવમાં પોતે પાળેલા સાધુજીવનની સ્મૃતિ થઈ અને વૈરાગ્યભાવ જાગૃત થયો. માતા-પિતા સમક્ષ દીક્ષાની આજ્ઞા માંગી. તેણે માતા-પિતાને કામભોગના ભયંકર પરિણામો, શરીર, સંબંધ, સંસારની અનિત્યતાનું દર્શન કરાવ્યું. અનંત ભવભ્રમણમાં સુખ-શાંતિ માટે ધર્મરૂપ પાથેયની મહત્તા સમજાવી.

માતા-પિતાએ પુત્રને સંયમમાર્ગની દુષ્કરતાનું દર્શન કરાવ્યું. સંયમી જીવન લોઢાના ચણા ચાવવા સમાન છે; રેતીના કવલની જેમ નીરસ છે; ક્ષુધા, તૃષા આદિ બાવીસ પરીષહોને જીતવા મુશ્કેલ છે વગેરે અનેક ઉપમાઓથી સંયમી જીવનની કઠિનાઈઓનું દર્શન કરાવ્યું, પરંતુ જેને વૈરાગ્યભાવ જાગૃત થયો છે, તેને બાહ્ય કઠિનાઈઓ ખેંચી શકતી નથી. મૃગાપુત્રે વૈરાગ્યસભર વાણીથી માતા-પિતાને પ્રત્યુત્તર આપ્યો કે આ જીવે

જન્મ-મરણ રૂપ ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં અનેકવાર શારીરિક અને માનસિક વેદનાઓ અનુભવી છે. નરકગતિની અનંતી વેદનાઓ, પારાવાર દુઃખ, પરમાધામી દેવકૃત ભયંકર તાડન, તર્ડન, વધ વગેરે અનુભવ્યા છે. આ દુઃખની અપેક્ષાએ સંયમી જીવનની પ્રતિકૂળતા કોઈ વિસાતમાં નથી. સંયમી જીવન સ્વાવલંબી અને સ્વાધીન છે. વનના મૃગલા અપ્રતિબંધપણે ફરે છે. તે રોગથી પીડિત થાય, ગમે તેવી તકલીફ થાય, તેમ છતાં કોઈની અપેક્ષા રાખ્યા વિના પડયા રહે, જયારે શરીર સ્વસ્થ થાય ત્યારે સ્વયં આહાર પાણી શોધે અને વાપરે છે, તે જ રીતે સાધુપણામાં નિરપેક્ષતા તે જ શણગાર છે.

મૃગાપુત્રના વૈરાગ્યથી પ્રભાવિત થઈને માતા-પિતાએ તેને સંયમમાર્ગની અનુમતિ આપી. મૃગાપુત્રે ઉત્કૃષ્ટ ભાવે પંચમહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન કર્યું, મમત્વભાવ, આસકિત, અહંકાર, સ્વજનોના સંગનો ત્યાગ કરી સમસ્ત જીવસૃષ્ટિ સાથે મૈત્રીભાવ કેળવ્યો, સર્વ આશાઓથી નિરપેક્ષ થઈને શ્રેષ્ઠ સમભાવની સાધનાથી સિદ્ધગતિને પામી ગયા.

## અધ્યયન – ૨૦ : મહાનિર્ગ્રંથીય

આ અધ્યયનમાં અનાથીમુનિના જીવન પ્રસંગના માધ્યમથી અશરણ ભાવનાનું દર્શન કરાવ્યું છે.

એકદા શ્રેણિક રાજાએ વનવિહાર કરતાં અનુપમ રૂપસંપન્ન, લાવણ્યસંપન્ન, પ્રસન્ન મુખમુદ્રાવાળા તેજસ્વી યુવામુનિને જોયા. રાજાને આશ્ચર્ય થયું કે આ ભોગની વયમાં ત્યાગ શા માટે ? રાજાએ મુનિને ત્યાગનું કારણ પૂછ્યું. મુનિએ ઉત્તર આપ્યો કે 'હું અનાથ હતો, મારો કોઈ નાથ ન હતો'. તેથી મેં સર્વસ્વનો ત્યાગ કર્યો છે. રાજાએ આશ્ચર્ય સાથે કહ્યું કે આપનું કોઈ નાથ ન હોય, તો હું આપનો નાથ થાઉં પણ આપ ભોગમાર્ગનો સ્વીકાર કરી જીવન સફળ બનાવો.

રાજાના ભોગના આમંત્રણનો નિષેધ કરીને અનાથીમુનિએ પોતાના વૈરાગ્યનું કારણ સમજાવ્યું કે હું એક શ્રેષ્ઠી પુત્ર હતો. એકદા એકાએક મારી આંખમાં તીવ્ર વેદના ઉત્પન્ન થઈ. વૈદ્યો, હકીમો, મંત્ર–તંત્ર વગેરે દ્વારા અનેક ઉપચારો થયા, માતા–પિતા, ભાઈ–બહેન આદિ સ્વજનોનએ મારા દુઃખને દૂર કરવા વિવિધ પ્રયત્નો કર્યા, પરંતુ કોઈ વ્યકિત મને દુઃખથી મુકત કરી શકયા નહીં. આ જ મારી અનાથતા હતી. સંસારના સમસ્ત

સંબંધો કે પદાર્થો અશરણભૂત છે.

એકદા મેં સંકલ્પ કર્યો કે 'જો આ વેદનાથી હું મુક્ત થાઉં, તો કાલે સવારે જ સર્વ સંબંધોનો ત્યાગ કરીને હું દીક્ષિત થાઉં' મારા શુભ સંકલ્પથી જ એક રાત્રિમાં મારી વેદના શાંત થઈ, સંકલ્પ સિદ્ધ થતાં મેં સંયમનો સ્વીકાર કર્યો મને અન્ય વસ્તુ કે વ્યક્તિની સર્વ અપેક્ષાઓ છૂટી ગઈ. હું સ્વાધીન બની ગયો, તેથી હું સનાથ બની ગયો.

જે વ્યક્તિ પોતાની જાતના સ્વામી કે નાથ છે, તે સનાથ છે. સંયમી જીવનની સાધના જાત પર વિજય પ્રાપ્ત કરવા માટે છે, તેમ છતાં કેટલાક કાયર સાધકો સંયમ સ્વીકાર પછી પણ અપેક્ષા કે ઈચ્છાનો ત્યાગ કરી શકતા નથી. તે સાધુઓ પદાર્થોમાં આસકત બને છે. ઈન્દ્રિયોને વશ થઈ કામભોગની આતુરતા રાખે, રસાસ્વાદનું પોષણ કરવા માટે હિંસાદિ પાપકારી પ્રવૃત્તિનું સેવન કરે, મંત્ર, તંત્ર વિદ્યાપ્રયોગ, સ્વપ્નફલ દર્શન વગેરે સાધુઓને અકલ્પનીય વ્યવહાર કરે છે. તે સાધુઓ સાધુ વેશમાં રહીને સ્વાધીનતાને સ્થાને ભૌતિક પદાર્થો કે ધનસંપતિને આધીન થઈ જાય છે. તે સાધુઓ બીજા પ્રકારના અનાથ છે.

તેનું સંયમી જીવન ખોટા સિક્કાની જેમ મૂલ્યહીન છે. પાપદોષના સેવનથી કર્મબંધ અને કર્મબંધથી તેની દુઃખની પરંપરા ચાલુ રહે છે. આવી પરિસ્થિતિમાં જીવના રક્ષણ કર્તા કોઈ નથી, તે અનાથ છે.

અનાથીમુનિના સનાથ-અનાથ વિષયક વાર્તાલાપ સાંભળીને શ્રેણિકરાજા પ્રભાવિત થયા. ભાવપૂર્વક અનાથીમુનિને વંદન નમસ્કાર કરીને સ્તુતિ-ભક્તિ કરીને સ્વસ્થાને ગયા.

અનાથ-સનાથના સ્વરૂપને જાણીને સાધક સંયમી જીવનમાં સ્વયં અનાથને યોગ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરે તે જ જ્ઞાનની સફળતા છે.

## અધ્યયન – ૨૧ : સમુદ્રપાલીય

આ અધ્યયનમાં સમુદ્રપાલ નામના શ્રેષ્ઠીપુત્રના જન્મથી મુકિત સુધીની ઘટનાનું વર્ણન છે.

ભગવાન મહાવીર સ્વામીના ઉપાસક પાલિત નામના શ્રાવક પોતાની ગર્ભવતી સ્ત્રી સાથે વ્યાપાર માટે વહાણ માર્ગે જઈ રહ્યા હતા. રસ્તામાં તેની પત્નીએ પુત્રને જન્મ આપ્યો. તે બાળકનો જન્મ સમુદ્રમાં થયો હોવાથી તેનું 'સમુદ્રપાલ' નામ રાખ્યું. ક્રમશઃ બાળક યુવાન થતાં રૂપિણી નામની રૂપવાન કન્યા સાથે તેના

લગ્ન થયા.

એકદા ઝરુખામાં બેસીને નગરચર્યાને જોતાં રાજમાર્ગ ઉપર એક અપરાધી પુરુષને ફાંસીએ ચડાવવા લઈ જતાં જોયો. સિપાઈઓ તેના દુષ્કૃત્યોની જોર-જોરથી ઘોષણા દ્વારા પ્રજાને તથાપ્રકારનો અપરાધ ન કરવાની સમજણ આપી રહ્યા હતા. આ દશ્ય જોઈને સમુદ્રપાલ કર્મ અને કર્મફળના ગહન ચિંતનમાં લીન બની ગયો. સુકૃત્યોનું શ્રેષ્ઠ ફળ અને દુષ્કૃત્યોનું ખરાબ ફળ ભોગવવું જ પડે છે. મારે આ પ્રકારના દુઃખથી દૂર રહેવું છે. તે વિચારણાથી તેનું અંતર વૈરાગ્યવાસિત થયું. માતા-પિતાની આજ્ઞાથી સંયમનો સ્વીકાર કર્યો.

તેણે પાંચ મહાવ્રતના પાલન સાથે સરળતા, સહનશીલતા, નિરાભિમાનતા, અનાસકિત, સમભાવ, મૈત્રીભાવ, અપ્રમત્તતા વગેરે ગુણોની આરાધના કરી સંયમી જીવનને સફળ બનાવ્યું અને સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધ થયા.

## અધ્યયન – ૨૨ : રથનેમીય

શૌર્યપુર નગરમાં વસુદેવ અને સમુદ્રવિજય નામના બે ભાઈઓ રાજા હતા અને તેમાં વસુદેવને રોહિણી અને દેવકી નામની બે રાણી તથા બલરામ તથા

શ્રીકૃષ્ણ નામના બે પુત્ર હતા. સમુદ્રવિજયરાજાને શિવા નામની રાણી તથા અરિષ્ટનેમિ, રથનેમિ, દઢનેમિ, સત્યનેમિ વગેરે પુત્રો હતા. અરિષ્ટનેમિના લગ્ન ઉગ્રસેન રાજાની રૂપસંપન્ન અને ગુણસંપન્ન રાજેમતિ નામની સુશીલ કન્યા સાથે નિશ્ચિત થયા. શુભ મુહૂર્તે સર્વ ઋદ્ધિ સહિત જાનનું પ્રસ્થાન થયું. જાન લગ્નમંડપની નિકટ પહોંચી ત્યાં જ નિર્દોષ પ્રાણીઓનો ચિત્કારો સંભળાવા લાગ્યા.

શુદ્ધ, પવિત્ર, ચરમશરીરી પ્રભુ નેમનાથનો આત્મા જાગૃત થયો. અનંત કરૂણા તેના અંતરમાં વહેવા લાગી. સારથિ દ્વારા જાણ્યું કે લગ્નમાં ક્ષત્રિય રાજાઓના ભોજન માટે આ પ્રાણીઓનો વધ થશે, તેનું ભોજન સહુ રસપૂર્વક કરશે. આ પ્રસંગથી તેનું અંતર વલોવાઈ ગયું. ઘોર હિંસાથી થતાં ભોગ પ્રતિ નિર્વેદ ભાવ જાગૃત થયો. સંસાર પ્રત્યે પૂર્ણ ઉદાસીન ભાવ પ્રગટ થયો. રથને પાછો વાળ્યો, અરિષ્ટનેમિ સર્વસ્વનો ત્યાગ કરવા કટિબદ્ધ બન્યા. માતા-પિતા આદિ સ્વજનો તેને રોકી શકયા નહીં. માતા-પિતાએ શુભાશિષપૂર્વક દીક્ષાની આજ્ઞા આપી. દેવોએ દીક્ષા મહોત્સવ કર્યો. પ્રભુ સ્વયં પંચમુષ્ટિ લોચ કરીને દીક્ષિત થયા.

રાજેમતિ અત્યંત શોકાતુર બનીને મૂર્ચ્છિત થઈ સભાન થતાં વિલાપ કરવા લાગી. સમય વ્યતીત થતાં તે પણ દીક્ષા લેવા તૈયાર થઈ. પ્રભુ નેમનાથે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, ત્યારે રાજેમતિ પ્રભુ પાસે દીક્ષિત થઈ.

એકદા રાજેમતિ સાધ્વી પ્રભુના દર્શન કરવા રૈવતગિરિ પર્વત ઉપર જઈ રહી હતી. રસ્તામાં વરસાદ આવવાથી તે ભીંજાઈ ગઈ. ઘનઘોર વરસાદ અને ચારે બાજુ અંધકારમાં રાજેમતિ અન્ય સાધ્વીઓથી છૂટી પડી ગઈ. તે એક ગુફામાં ઊભી રહીને પોતાના કપડા સૂકવી રહી હતી. તે ગુફામાં રથનેમિમુનિ ધ્યાનસ્થ ઊભા હતા. રથનેમિએ રાજેમતિને જોઈ. સ્ત્રી પુરુષનો એકાંત સહવાસ બ્રહ્મચર્ય પાલનમાં બાધક બને છે તે ન્યાયે રથનેમિનું ચિત્ત ચલિત થયું. તેણે રાજેમતિ પાસે ભોગસુખની યાચના કરી. રાજેમતિ નિર્વસ્ત્ર હોવાથી અત્યંત લજ્જિત થઈને અંગોપાંગને ગોપવીને ઊભી હતી. તેણીએ રથનેમિની માંગણીનો સંપૂર્ણપણે ઈન્કાર કર્યો. એટલું જ નહીં રથનેમિને સંયમમાં સ્થિર થવાનો સચોટ ઉપદેશ આપ્યો, મનુષ્ય જન્મ અને તેમાં પ્રાપ્ત થયેલા સંયમી જીવનની મહત્તાનું દર્શન કરાવ્યું. રથનેમિ પણ ચરમશરીરી સુપાત્ર આત્મા હતા, તેથી તુરંત

સંયમભાવમાં સ્થિર થઈ ગયા.

જે સ્વયં વૈરાગ્યભાવમાં સ્થિર હોય, તે જ અન્યને સ્થિર કરી શકે છે. રથનેમિ અને રાજેમતિ, બંનેએ સંયમ, તપની ઉગ્ર સાધના કરી સર્વકર્મોનો ક્ષય કરી મોક્ષગતિને પ્રાપ્ત કરી.

## અધ્યયન – ૨૩ : કેશી–ગૌતમીય

આ અધ્યયનમાં ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરસ્વામીની પરંપરાના શ્રી કેશીસ્વામી તથા ગૌતમસ્વામી વચ્ચે થયેલો તાત્ત્વિક સંવાદ છે.

કેશીસ્વામી અને ગૌતમસ્વામી બંને સંતો ગ્રામનુગામ વિચરતાં એક નગરીમાં પધાર્યા. કેશીસ્વામી ત્રણ જ્ઞાન અને ગૌતમસ્વામી ચાર જ્ઞાનના ધારક હતા. બંને પરંપરાના સંતોના વ્રત–નિયમમાં તથા વેશમાં ભિન્નતા હોવાથી શિષ્યોની શંકાના સમાધાન માટે સંવાદ થયો હતો. તેમાં કેશીસ્વામીના પ્રશ્નો અને ગૌતમસ્વામીના ઉત્તરોનું કથન છે.

**પ્રશ્ન : ૧ પાર્શ્વનાથની પરંપરાના સંતો ચાતુર્યામ ધર્મનું પાલન કરે છે અને ભગવાન મહાવીરના સંતો પંચમહાવ્રતનું પાલન કરે છે. બંને પરંપરાના સંતોનું**

**એક મોક્ષપ્રાપ્તિ રૂપ પ્રયોજન હોવા છતાં બંનેના આચારમાં ભિન્નતાનું કારણ શું છે ?** ઉત્તરઃ ધર્મતત્ત્વની સમીક્ષા પ્રજ્ઞા દ્વારા નિશ્ચિત થાય છે. લક્ષ્ય એક હોવા છતાં વ્યકિતની પાત્રતાના ભેદ અનુસાર ધર્મોપદેશમાં ભેદ છે. ભગવાન પાર્શ્વનાથના સાધુઓ ઋજુ–પ્રાજ્ઞ અર્થાત્ સરળ અને બુદ્ધિમાન હોવાથી આચારધર્મને સરળતાથી સમજીને સ્વીકારે છે. ચાતુર્યામ ધર્મમાં બ્રહ્મચર્યવ્રત અને અપરિગ્રહવ્રત, બંને વ્રતનો એકમાં સમાવેશ થાય છે.

ભગવાન મહાવીરના સાધુઓ વક્ર–જડ હોવાથી આચારધર્મને સરળતાથી સમજી શકતા નથી અને કદાચ સમજે, તો સ્વીકારી શકતા નથી, તેથી તેના માટે પાંચ મહાવ્રત રૂપ ધર્મનો ઉપદેશ છે.

**પ્રશ્ન : ૨. ભગવાન પાર્શ્વનાથે સચેલકધર્મ કહ્યો છે. અર્થાત્ તેમના સાધુઓ પ્રતિબંધ વિના કોઈપણ રંગના સામાન્ય કે વિશિષ્ટ વસ્ત્રો ધારણ કરે છે અને ભગવાન મહાવીરે અચેલક ધર્મ કહ્યો છે. તેમના સાધુઓ અલ્પ–શાસ્ત્રોકત મર્યાદા અનુસાર શ્વેત વસ્ત્રો જ ધારણ કરે છે. વેશની આ ભિન્નતાનું કારણ શું છે ?**

ઉત્તર : સાધુવેશના ત્રણ પ્રયોજન છે. (૧) ગૃહસ્થોની પ્રતીતિ માટે (૨) સંયમ યાત્રાના નિર્વાહ માટે અને (૩) સ્વયંને 'હું સાધુ છું' તેવો બોધ હંમેશા રહે, તે માટે સાધુ વેશને ધારણ કરે છે. બંને પરંપરાના સાધુઓની યોગ્યતા અનુસાર વેશમાં ભિન્નતા છે. બાહ્યવેશમાં ભિન્નતા હોવા છતાં સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનારૂપ આભ્યંતર લિંગ બંને પરંપરાના એક સમાન છે.

**પ્રશ્ન : ૩. અનેક હજાર શત્રુઓની વચ્ચે આપ ઊભા છો, તે શત્રુઓ આપના પર આક્રમણ કેમ કરતા નથી ? ઉત્તર :** વશ ન કરેલો પોતાનો આત્મા, ચાર કષાય અને પાંચ ઈન્દ્રિયો શત્રુરૂપ છે; તે શત્રુઓને મેં શાસ્ત્રોક્ત રીતથી જીતી લીધા છે. તેમાં એક આત્મવિજય પ્રાપ્ત કરવાથી સર્વ શત્રુઓ જીતાઈ જાય છે. શ્રુતજ્ઞાનરૂપી લગામથી મનને, ક્ષમાથી ક્રોધને, નમ્રતાથી માનને, સરળતાથી માયાને અને સંતોષથી લોભને જીતી શકાય છે.

**પ્રશ્ન : ૪. આ લોકના પાશ-બંધનથી આપ કેમ બંધાતા નથી ? ઉત્તર :** રાગ-દ્વેષાદિ તથા સ્વજનોનો સ્નેહ ગાઢ અને ભયંકર બંધનરૂપ છે. એકત્વ, અનિત્ય,

અશરણ આદિ ભાવનાના અભ્યાસથી તે સ્નેહપાશ નિર્મૂળ થાય છે.

**પ્રશ્ન : ૫. મનુષ્ય હૃદયમાં ઉત્પન્ન થયેલી લતા વિષફળને આપે છે, તે લતાને તમે કેવી રીતે નષ્ટ કરી છે ? ઉત્તર :** મનુષ્યના અંતરમાં ઉત્પન્ન થયેલી તૃષ્ણા રૂપ લતા પર આવેશ, આવેગ, લોભરૂપ વિષફળો ઉગે છે. તે વિષફળ મનુષ્યની શાંતિ-સમાધિનો નાશ કરે છે. ભવતૃષ્ણા રૂપી તે લતાનું છેદન કરવા માટે સંતોષ, અમોઘશસ્ત્ર છે.

**પ્રશ્નઃ ૬. આપણા શરીરમાં એક ભયંકર અગ્નિ સળગી રહી છે, તે આપણા આત્મગુણોને બાળે છે, તે અગ્નિને આપે કેવી રીતે બુઝાવી છે ? ઉત્તરઃ** ક્રોધ, માન, માયા અને લોભ રૂપ અગ્નિ આપણા આત્મગુણોને બાળી રહી છે. તીર્થંકર રૂપ મહામેઘમાંથી વરસતા શ્રુત-શીલ અને તપરૂપ શીતળ જલના સતત સિંચનથી તે અગ્નિને હું શાંત કરું છું.

**પ્રશ્નઃ ૭. મન રૂપ સાહસિક અને દુષ્ટ અશ્વ ચારેબાજુ દોડા-દોડ કરે છે. તમે તે અશ્વ પર આરૂઢ હોવા છતાં ઉન્માર્ગે કેમ જતા નથી ? ઉત્તર :** મન રૂપી

અશ્વની ગતિ વાયુથી પણ અધિક છે તેને ધર્મરૂપ શિક્ષાથી શિક્ષિત કરવાથી અને શ્રુતજ્ઞાનરૂપી લગામથી વશ કરી શકાય છે. આધીન થયેલું મન સાધનામાં સહાયક બને છે.

**પ્રશ્નઃ ૮. આ લોકમાં ઘણા કુમાર્ગ છે. તેના પર ચાલવાથી પ્રાણીઓ સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે. આપ ઉન્માર્ગે ન જતાં સન્માર્ગે જ સ્થિત કેવી રીતે રહો છો ? ઉત્તર :** મિથ્યામતને માનનારા એકાંતવાદીઓ ઉન્માર્ગગામી છે અને સર્વજ્ઞ પ્રણિત અનેકાંતવાદને માનનારા સન્માર્ગગામી છે. હું આ બંને માર્ગને તથા તેના પરિણામને યથાર્થ રીતે જાણું છું, તેથી હું સન્માર્ગથી પતિત થતો નથી.

**પ્રશ્નઃ ૯. મહાન સંસારના જલપ્રવાહમાં ડૂબતા પ્રાણીઓ માટે શરણભૂત દ્વીપ કયો છે ? ઉત્તરઃ** જન્મ-જરા-મરણના વેગમાં તણાતાં પ્રાણીઓ માટે ધર્મ જ શરણભૂત દ્વીપ છે તેનો આશ્રય લેનાર પ્રાણી સદા સુરક્ષિત રહે છે.

**પ્રશ્ન : ૧૦. મહાસમુદ્રના પ્રવાહમાં નૌકા વિપરીત દિશામાં જઈ રહી છે. તેના દ્વારા આપ સમુદ્રને કેવી**

રીતે પાર કરશો ? ઉત્તર : શરીરરૂપી નૌકા છે. જીવ તેનો નાવિક છે. તે નૌકામાં પાપપ્રવૃત્તિ રૂપ છિદ્ર હોય, તો તેમાં આશ્રવરૂપ જલ આવે છે અને તે નૌકા ડૂબી જાય છે, પરંતુ તપ-સંયમની આરાધનાપૂર્વકની નિશ્છિદ્ર નૌકા હોય, તો તે સંસાર સાગરને તરી જાય છે.

**પ્રશ્ન : ૧૧. ઘોર અંધકારમાં રહેલા આ લોકના પ્રાણીઓ માટે પ્રકાશ કરનાર કોણ છે ? ઉત્તર :** જેણે ઘાતિકર્મનો નાશ કર્યો છે, જેનો કેવળજ્ઞાન-કેવળદર્શન રૂપ સૂર્યનો ઉદય થઈ ગયો છે, તે સૂર્ય અજ્ઞાન, અંધકારનો નાશ કરીને જગજજીવો માટે જ્ઞાનરૂપ પ્રકાશ કરે છે.

**પ્રશ્ન : ૧૨. શારીરિક અને માનસિક પીડાથી પીડિત પ્રાણીઓ માટે કલ્યાણકારી સ્થાન કયું છે ? ઉત્તર :** જન્મ, જરા, મૃત્યુ, આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત નિવાર્ણરૂપ સ્થાન એકાંત કલ્યાણકારી છે. મહર્ષિ પુરુષો તે સ્થાનને પ્રાપ્ત કરે છે.

આ પ્રકારના પ્રશ્નોત્તરથી કેશીસ્વામી અને ગૌતમસ્વામી બંનેના શિષ્યોનું સમાધાન થયું. કેશીસ્વામીએ ગૌતમસ્વામીને ભાવપૂર્વક વંદન-નમસ્કાર કર્યા અને

પોતાના શિષ્યો સહિત પાર્શ્વનાથ પ્રભુની પરંપરાનો ત્યાગ કરીને ભગવાન મહાવીરસ્વામીની પરંપરાનો સ્વીકાર કર્યો.

આ રીતે બંને સંતોના મિલનથી અને સંવાદથી શ્રુત અને શીલનો ઉત્કર્ષ થયો અને પ્રયોજનભૂત અનેક વિષયોનો નિર્ણય થયો.

## અધ્યયન – ૨૪ : પ્રવચન માતા

આ અધ્યયનમાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતાનું નિરૂપણ છે. સમિતિ, ગુપ્તિનું પાલન માતાની જેમ સાધકોનું પાલન–પોષણ અને રક્ષણ કરે છે.

**સમિતિ :** સમ્યગ્ પ્રવૃત્તિ. સાધુ જીવનની સમગ્ર પ્રવૃત્તિઓ યતનાપૂર્વક સંયમભાવની પરિપકવતાના લક્ષે થવી જરૂરી છે. સમગ્ર પ્રવૃતિઓના પાંચ પ્રકાર છે. (૧) ઈર્યાસમિતિ – ગમનાગમનની ક્રિયા (૨) ભાષાસમિતિ –ભાષા પ્રયોગની રીત. (૩) એષણાસમિતિ – આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, સ્થાન આદિ જીવન જરૂરિયાતની તમામ આવશ્યકતાઓ નિર્દોષ રીતે પ્રાપ્ત કરીને મૂર્ચ્છા રહિત ભોગવવાની ક્રિયા (૪) આદાનભંડમાત્ર નિક્ષેપણાસમિતિ – ભંડોપકરણને યતનાપૂર્વક લેવા, મૂકવા, (૫) ઉચ્ચાર

પ્રસ્રવણ ખેલજલ્લસિંઘાણ પરિઠાવણિયા સમિતિ–મળ મૂત્રાદિ નિઃસાર પદાર્થોને શાસ્ત્રોક્ત રીતથી નિર્દોષ રીતે પરઠવું. સાધક આ પાંચ સમિતિના આધારે જીવનનો સમગ્ર વ્યવહાર કરે છે.

**ગુપ્તિ :** યોગની શુભાશુભ પ્રવૃત્તિથી નિવૃત્ત થવું. યોગના ત્રણ પ્રકાર હોવાથી ગુપ્તિના મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, આ ત્રણ ભેદ છે. સશરીરી જીવો યોગની પ્રવૃત્તિથી સર્વથા મુક્ત થઈ શકતા નથી. જયારે મન, વચન, કાયાની પ્રવૃત્તિ અનિવાર્ય બની જાય, ત્યારે સાધુ તે પ્રવૃત્તિ સમિતિપૂર્વક કરે છે. આ રીતે સમિતિ–ગુપ્તિના સુયોગ્ય સમન્વયથી સંયમી જીવન સફળ થાય છે અને તે સાધુ સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધ થાય છે.

## અધ્યયન – ૨૫ : યજ્ઞીય

આ અધ્યયનમાં જયઘોષ અને વિજયઘોષ નામના બે ભાઈઓના કથાનકના માધ્યમથી શ્રમણ સંસ્કૃતિથી પ્રભાવિત થયેલી બ્રાહ્મણ સંસ્કૃતિનું અને ત્યારપછી શ્રમણ પરંપરાનું વિસ્તૃત વર્ણન છે.

બંને ભાઈઓ જ્ઞાતિએ બ્રાહ્મણ અને વેદ–વેદાંગના જાણકાર હતા. તેમાંથી જયઘોષે જૈનમુનિના સમાગમે બોધ પામીને સંયમનો સ્વીકાર કર્યો. ગ્રામાનુગ્રામ

વિહાર કરતાં માસખમણના પારણા માટે બનારસ નગરીમાં પધાર્યા. ત્યાં ભાઈ વિજયઘોષ પોતાની કુળપરંપરા પ્રમાણે યજ્ઞ કરી રહ્યા હતા. જયઘોષમુનિએ ભિક્ષાની યાચના કરી, પરંતુ યજ્ઞનો પ્રસાદ જૈન શ્રમણોને આપવાથી તે અપવિત્ર થઈ જાય છે, વેદના પારગામી બ્રાહ્મણો જ સ્વ–પરનું કલ્યાણ કરવામાં સમર્થ છે, તેથી તેને ભિક્ષા આપવી, તે જ લાભનું કારણ છે.' આ પ્રકારની બ્રાહ્મણોની માન્યતા હોવાથી તેઓએ ભિક્ષા આપવાનો સ્પષ્ટ નિષેધ કર્યો.

જયઘોષમુનિએ ભાઈના કલ્યાણની કામનાથી વિજયઘોષને યજ્ઞનું અને બ્રાહ્મણનું સ્વરૂપ સમજાવ્યું.

ભાવની અપેક્ષાએ વેદ શબ્દ विद् ज्ञाने ધાતુથી બને છે, તેથી જે જાણે છે અથવા જેના દ્વારા જણાય છે તે વેદ. વેદ એટલે આત્મા. આત્માનું શુદ્ધ સ્વરૂપ અખંડ જ્ઞાન–દર્શન સ્વરૂપ છે. શુદ્ધ સ્વરૂપના પ્રગટીકરણ માટે જે પુરુષાર્થ થાય, રાગ–દ્વેષનો નાશ થાય, વિષય વાસના જ્ઞાનાગ્નિથી બળી જાય, તે જ સાચો ભાવયજ્ઞ છે. અનેક જીવોની હિંસાથી થતો યજ્ઞ દ્રવ્યયજ્ઞ કહેવાય છે. તે જ રીતે બ્રાહ્મણ પણ કોઈ જ્ઞાતિ નથી. ચારે પ્રકારની જાતિ પોતાના સ્વરૂપને પ્રગટ કરે છે, સમતાભાવની સાધનાથી

શ્રમણ, બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ, જ્ઞાનારાધનાથી મુનિ અને તપસ્યાની આરાધનાથી તપસ્વી કહેવાય છે. જે પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિનું પાલન કરે, સ્વજનોના સ્નેહપાશથી મુકત હોય, વિષયોથી વિરકત હોય, તે બ્રાહ્મણ છે. તેવા ગુણસંપન્ન બ્રાહ્મણ સદા પૂજનીય રહે છે.

જે પશુવધ આદિ પાપકારી પ્રવૃત્તિઓથી યજ્ઞ-યાગાદિ ક્રિયાઓ કરે છે, તે બ્રાહ્મણ નથી, તે સદા પૂજનીય રહેતા નથી. તેની હિંસક પ્રવૃત્તિ યજ્ઞકર્તાનું રક્ષણ કરી શકતી નથી. ધર્મના નામે થયેલી હિંસા, હિંસા જ છે. તજ્જન્ય કર્મોનું ફળ કર્તાને ભોગવવું જ પડે છે.

જયઘોષમુનિના ઉપદેશથી વિજયઘોષ બ્રાહ્મણ પ્રતિબોધ પામ્યા. મુનિને વંદન-નમસ્કાર કરી ભક્તિભાવથી આહાર-પાણીનું નિમંત્રણ કર્યું. મુનિએ ભિક્ષાની ઉપેક્ષા કરીને વિજયઘોષને સન્માર્ગનું દર્શન કરાવ્યું. મનુષ્યજન્મની સાર્થકતા ભોગમાં નહીં, ત્યાગમાં છે. અનાસકત વ્યકિત સર્વત્ર નિર્લેપ રહીને આનંદ પામે છે, તે સમજાવ્યું. વિજયઘોષ બ્રાહ્મણે મુનિના વચનને સ્વીકારીને દીક્ષા અંગીકાર કરી સંયમ-તપની સાધનાથી સર્વ કર્મનો ક્ષય કરી બંને ભાઈઓ મુક્તિને પામ્યા.

## અધ્યયન – ૨૬ : સમાચારી

આ અધ્યયનમાં સાધુ જીવનની દિનચર્યા રૂપ આચારનું નિરૂપણ છે. સાધક સમાચારીના દશ ભેદ છે– (૧) **આવશ્યકી** – સાધુ કાર્યવશ ઉપાશ્રયની બહાર જાય ત્યારે ગુરુજનોને સૂચિત કરીને 'આવસ્સહી– આવસ્સહી શબ્દનું ઉચ્ચારણ કરીને જાય. (૨) **નૈષેધિકી** – કાર્ય પૂર્ણ કરીને પાછા આવે, ત્યારે સાધુ નિસ્સિહિ નિસ્સીહિ શબ્દનું ઉચ્ચારણ કરે. તેનાથી ગુરુને સૂચિત કરે કે જે આવશ્યક કાર્ય માટે બહાર ગયો હતો, તે કાર્ય પૂર્ણ કરીને પાછો આવી ગયો છું. (૩) **પૃચ્છના** – કોઈ પણ કાર્ય ગુરુને પૂછીને અર્થાત્ આજ્ઞાપૂર્વક કરે. (૪) **પ્રતિપૃચ્છના** – બીજાનું કાર્ય કરવા માટે ગુરુને પૂછે. (૫) **છંદના** –પોતે લાવેલા આહાર –પાણીનું ગુરુને નિમંત્રણ કરે. (૬) **ઈચ્છાકાર** – અન્યનું કાર્ય કરવા કે કરાવવા માટે પોતાની ઈચ્છા પ્રગટ કરે અથવા વાચનાદિ માટે ગુરુની ઈચ્છા જાણે. (૭) **મિથ્યાકાર** –પોતાની ભૂલોનું મિચ્છામિ દુક્કડં કરે. (૮) **તથાકાર** – ગુરુના વચનોને 'તહત્તિ' કહીને સ્વીકારે. (૯) **અભ્યુત્થાન** –ગુરુજનો નિકટથી પસાર થાય, ત્યારે

ઊભા થઈને વિનયભાવ પ્રગટ કરે. (૧૦) **ઉપસંપદા** – આચાર્ય, ગુરુ આદિ જેની પાસે શાસ્ત્રાધ્યયન કરવું હોય અથવા જેની સાથે વિચરણ કરવું હોય, તેની નેશ્રાનો સ્વીકાર કરે.

**દિનચર્યા** – સાધુ દિવસના **પ્રથમ પ્રહરમાં** સૂર્યોદય થતાં વસ્ત્ર, પાત્ર, રજોહરણ વગેરે સર્વ ઉપધિનું પ્રતિલેખન કરે, ત્યાર પછી સ્વાધ્યાય કરે, **બીજા પ્રહરમાં** ધ્યાન, **ત્રીજા પ્રહરમાં** ગોચરી અને **ચોથા પ્રહરમાં** પુનઃ સ્વાધ્યાય કરે. ચોથા પ્રહરનો ચોથો ભાગ શેષ રહે, ત્યારે વસ્ત્ર, પાત્રાદિનું તથા પરઠવાની ભૂમિનું પ્રતિલેખન કરે. સૂર્યાસ્ત પછી દિવસ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના કરતા લાગેલા પાપ દોષની આલોચના માટે ગુરુની આજ્ઞાપૂર્વક પ્રતિક્રમણ કરે. ત્યારપછી રાત્રિના **પ્રથમ પ્રહરમાં** સ્વાધ્યાય, **બીજા પ્રહરમાં** ધ્યાન, **ત્રીજા પ્રહરમાં** નિદ્રા અને **ચોથા પ્રહરમાં** પુનઃ સ્વાધ્યાય કરે અને સૂર્યોદય પૂર્વે રાત્રિ સંબંધી લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરે.

આ રીતે આઠ પ્રહરના અહોરાત્રમાં ચાર પ્રહર સ્વાધ્યાય, બે પ્રહર ધ્યાન, બે વાર પ્રતિલેખન, બે વાર

પ્રતિક્રમણ, એક વાર ગોચરી તથા આરામ કરે. આ પ્રકારની દિનચર્યા સાધુને શારીરિક સ્વસ્થતા, માનસિક શાંતિ પ્રદાન કરે છે અને સંઘીય વ્યવસ્થા જળવાઈ રહે છે.

## અધ્યયન – ૨૭ : ખલુંકીય

આ અધ્યયનમાં ખલુંક–દુષ્ટ બળદની ઉપમાથી ઉદ્ધત અને અવિનયી શિષ્યોનું વર્ણન છે.

જે સાધુ દીક્ષા લઈને ખાવા–પીવામાં મસ્ત બનીને પ્રમાદી જીવન જીવે છે, ગુરુથી વિપરીત વર્તન કરીને પોતાના સ્વચ્છંદને પોષે છે. તે શિષ્યો ગળિયા બળદની જેમ સંઘ રૂપ શકટ–ગાડું અને તેના માલિક રૂપ આચાર્યને ભારરૂપ બને છે. આ પરિસ્થિતિમાં અપ્રમત્ત આચાર્ય શિષ્યોને છોડીને એકાંત આત્મસાધના કરે છે.

ગર્ગાચાર્ય નામના સાધુના સેંકડો શિષ્યો ઉદ્દત્ત અને સ્વછંદી બની ગયા હતા. ગુરુએ શિષ્યને સંયમભાવમાં સ્થિર કરવા અથાગ પુરુષાર્થ કર્યો, પરંતુ જયારે ગુરુ તેમાં નિષ્ફળ ગયા, ત્યારે પોતાની સાધનાની સિદ્ધિ માટે શિષ્યોને છોડીને એકાકીપણે સ્વાવલંબી બની સાધનમાં લીન બની ગયા અને પોતાનું કાર્ય સિદ્ધ કર્યું.

## અધ્યયન – ૨૮ : મોક્ષમાર્ગ

આ અધ્યયનમાં મોક્ષમાર્ગનું વિસ્તૃત વર્ણન છે.

આત્માની કર્મોથી સંપૂર્ણ મુકિત અથવા આત્માની સહજાવસ્થા, પરમાનંદ અવસ્થા, તે મોક્ષ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ આ ચાર મોક્ષમાર્ગ છે.

**જ્ઞાન** – જગતના તત્ત્વોનો, છ દ્રવ્યોનો યથાર્થ બોધ કરવો, તે જ્ઞાન છે, જ્ઞાન ગુણ અખંડ અને એક હોવા છતાં ક્ષયોપશમની તરતમતાથી તેના પાંચ ભેદ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન.

**દર્શન** – આત્માના શ્રદ્ધાગુણની શુદ્ધ પર્યાય સમ્યગ્દર્શન છે. જે વસ્તુ જેવી છે તે પ્રમાણે જાણીને, તેની શ્રદ્ધા કરવી તે દર્શન છે અથવા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, આ નવ તત્ત્વની શ્રદ્ધા થવી, તે સમ્યગ્દર્શન છે અને શ્રદ્ધા ન થવી, તે મિથ્યાદર્શન છે. સમ્યગ્દર્શન પછી જ્ઞાન અને ચારિત્ર સમ્યગ્ રૂપે પરિણત થાય છે, તેથી મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનની મહત્તા છે. સમ્યગ્દર્શનની દશ રુચિ, આઠ આચાર તથા તેના પાંચ ભેદ છે.

**ચારિત્ર** – સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું ફળ સમ્યક્

ચારિત્ર છે. તેના દ્વારા આવતા કર્મોનો નિરોધ થાય છે. અથવા સંચિત કરેલા કર્મનો ક્ષય કરે, તે ચારિત્ર છે. ચારિત્રની પ્રાપ્તિથી પૂર્ણતા સુધીની વિવિધ અવસ્થાઓના આધારે ચારિત્રના પાંચ પ્રકાર થાય છે. સામાયિકચારિત્ર, છેદાપસ્થાપનીયચારિત્ર, પરિહારવિશુદ્ધચારિત્ર, સૂક્ષ્મ-સંપરાયચારિત્ર અને યથાખ્યાતચારિત્ર.

કષાયનો સંપૂર્ણ ઉપશમ અથવા ક્ષય થયા પછી વીતરાગી જીવોનું ચારિત્ર યથાખ્યાત ચારિત્ર છે.

**તપ** – પૂર્વકૃત કર્મોનો નાશ કરવા માટે તપ અમોઘશસ્ત્ર છે. તેના ૭ બાહ્ય અને ૭ આભ્યંતર કુલ બાર ભેદ છે. તેનું વિસ્તૃત વર્ણન ત્રીસમા ‘તપોમાર્ગગતિ’ અધ્યયનમાં છે.

સાધક જ્ઞાન દ્વારા વસ્તુતત્ત્વને જાણે, દર્શન દ્વારા શ્રદ્ધા કરે, ચારિત્રથી આવતા કર્મોને રોકે અને તપથી કર્મોનો નાશ કરે છે. આ રીતે મોક્ષના ચારે માર્ગો પરસ્પર સંબંધિત છે. તે ચારેની પૂર્ણ આરાધનાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## અધ્યયન – ૨૯ : સમ્યક્પરાક્રમ

આ અધ્યયનમાં સાધનાના પ્રારંભથી પૂર્ણતા

સુધીના ૭૩ બોલ અને તેના પરિણામને પ્રગટ કર્યું છે. સમકિતી જીવોનો મોક્ષ પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ, તે સમ્યક્‌પરાક્રમ છે. મિથ્યાત્વી કે અભવી જીવોનો પુરુષાર્થ સમ્યક્‌પરાક્રમ નથી. સમ્યક્‌પરાક્રમ જ મોક્ષ પ્રાપ્તિ કરાવી શકે છે. આ ૭૩ બોલમાંથી પ્રત્યેક બોલ સ્વતંત્ર છે. છતાં તેનું અનુસંધાન મોક્ષમાર્ગ સાથે થાય છે. પ્રત્યેક બોલ પૂર્ણતા સુધી પહોંચાડે છે.

આ ૭૩ બોલ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, આ ચારે મોક્ષમાર્ગ સાથે સંબંધિત છે. તેમાં સ્વાધ્યાય, વાચના, પ્રતિપૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ચતુર્વિંશતિસ્તવ આદિ દર્શન સંબંધિત છે. સામાયિક, સંયમ, પ્રત્યાખ્યાન, ક્ષમા, નિર્લોભતા આદિ યતિધર્મો વગેરે બોલ ચારિત્ર સંબંધિત છે. ગુરુ તથા સાધર્મિકોની શુશ્રુષા, તપ, કાઉસગ્ગ, આહાર પ્રત્યાખ્યાન વગેરે બોલ તપ સંબંધિત છે, તેમાંથી પ્રથમ બોલ સંવેગ છે. સંવેગ એટલે મોક્ષ પ્રાપ્તિની તીવ્રતમ અભિલાષા.

પ્રત્યેક બોલની આરાધના મોક્ષપ્રાપ્તિ માટે જ હોય છે, તેથી જ સંવેગનું સ્થાન પ્રથમ છે. સંવેગ વિના અન્ય એક પણ બોલની આરાધના શકય નથી.

સંવેગભાવપૂર્વક સાધક પોતાના સામર્થ્યાનુસાર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિપૂર્વક પાલન કરીને તેને ઊંડાણપૂર્વક જાણીને તેનું ગુણકીર્તન કરીને નિરતિચારપણે વિવિધ બોલની આરાધના કરે છે અને અંતે સિદ્ધ, બુદ્ધ, મુકત થઈને નિર્વાણને પ્રાપ્ત કરે છે. સર્વ દુઃખોનો અંત કરે છે.

## અધ્યયન – ૩૦ : તપોમાર્ગગતિ

આ અધ્યયનમાં સંવર અને નિર્જરાના માર્ગભૂત સંયમ અને તપરૂપ સાધનનું પ્રતિપાદન છે.

જેવી રીતે કોઈ મોટા તળાવમાં આવતા પાણીનો પ્રવાહ રોકાઈ જાય અને તેમાં રહેલું પાણી ઉલેચાઈ જાય અથવા સૂર્યના તાપથી સૂકાઈ જાય ત્યારે, તે તળાવ જળ રહિત બને છે. તે રીતે સંયમી સાધક પ્રાણાતિપાત, મૃષાવાદ આદિ આશ્રવના કારણોનો ત્યાગ કરીને, આવતા કર્મપ્રવાહને રોકે છે અને તપની આરાધનાથી પૂર્વકૃત કર્મોને સૂકવી નાંખે છે. સૂકાયેલા કર્મો આત્માથી પૃથક થઈ જાય અર્થાત્ તેની નિર્જરા થાય છે. આ રીતે તપના માધ્યમથી કર્મક્ષયની પ્રક્રિયા થાય છે. તપના મુખ્ય બે ભેદ છે. બાહ્યતપ અને આભ્યંતરતપ. બાહ્યતપમાં શરીર અને ઈન્દ્રિયની પ્રધાનતા છે. આભ્યંતરતપમાં

આત્મભાવોની પ્રધાનતા છે.

બંને પ્રકારના તપના છ–છ ભેદ કરતાં તપના કુલ બાર ભેદ થાય છે. **બાહ્યતપ – (૧) અનશન –** મર્યાદિત સમય સુધી અથવા યાવજ્જીવન સુધી અન્ન, પાણી, મેવા–મીઠાઈ, મુખવાસ, આ ચારે આહારનો અથવા પાણી સિવાયના ત્રણ આહારનો ત્યાગ કરવો. **(૨) ઉણોદરી** – ભૂખ કરતાં એક કવલ પણ ઓછો ખાવો, તે દ્રવ્ય ઉણોદરી છે, ગોચરીમાં ક્ષેત્ર મર્યાદા કરવી, તે ક્ષેત્ર ઉણોદરી, દિવસના ચાર પ્રહરમાંથી ગોચરી માટે સમય મર્યાદા નિશ્ચિત કરવી, તે કાલ ઉણોદરી અને ભાવની પ્રધાનતાથી અભિગ્રહ ધારણ કરવા અથવા રાગ દ્વેષાદિ ભાવોની ન્યૂનતા કરવી, તે ભાવ ઉણોદરી છે. **(૩) ભિક્ષાચર્યા** – વિવિધ અભિગ્રહોપૂર્વક ગોચરી પ્રાપ્ત કરવી. **(૪) રસપરિત્યાગ** – દૂધ, દહીં ઘી વગેરેથી યુકત રસવંતા ભોજનનો ત્યાગ કરવો. **(૫) કાયકલેશ** – કાયાનું મમત્વ છોડવાના લક્ષે વિવિધ આસનો કરવા. **(૬) પ્રતિસંલીનતા** – સ્ત્રી, પશુ, નપુંસક રહિત એકાંત સ્થાનમાં નિવાસ કરવો. **આભ્યંતર તપ : (૭) પ્રાયશ્ચિત** – દોષોની શુદ્ધિ માટે આલોચનાદિ કરી તેની

શુદ્ધિ કરવી. (૮) **વિનય** – ગુર્વાદિકો પ્રતિ આદર, સત્કાર તથા ભકિતભાવ પ્રગટ કરવા. (૯) **વૈયાવચ્ચ** – આચાર્ય, ઉપાધ્યાય આદિ સંયમીજનોની સાધનામાં સહાયક બનવું. (૧૦) **સ્વાધ્યાય** – આત્માને હિતકારી શાસ્ત્રપાઠોનું પઠન–પાઠન, ચિંતન, મનન કરવું. (૧૧) **ધ્યાન** – ચંચળ ચિત્તવૃત્તિને આત્મશુદ્ધિના લક્ષે સ્થિર કરવી. (૧૨) **વ્યુત્સર્ગ** – ક્ષેત્ર, વસ્તુ, શરીર, ઉપધિ વગેરે બાહ્ય પદાર્થો તથા કર્મ અને કર્મજન્ય સમસ્ત સંસારનો ત્યાગ કરવો. આ બારે પ્રકારના તપના અનેક ભેદ–પ્રભેદ છે.

બાહ્ય અને આભ્યંતર બંને પ્રકારના તપનું આચરણ કરનાર સાધુ સમસ્ત કર્મોથી મુકત થાય છે.

## અધ્યયન – ૩૧ : ચરણવિધિ

ચરણવિધિ એટલે ચારિત્રમાં થતી વિવેકપૂર્વકની પ્રવૃત્તિ. ચારિત્રનો પ્રારંભ સંયમથી થાય છે. વિવેકપૂર્વકની પ્રવૃત્તિ સંયમ અને અવિવેકપૂર્વકની પ્રવૃત્તિ અસંયમ છે. અસંયમથી નિવૃત્તિ અને સંયમભાવમાં પ્રવૃત્તિ કરવી, તે ચારિત્રવિધિ છે.

આ અધ્યયનમાં ૩૩ બોલના માધ્યમથી વર્ણન

છે. તેમાંથી અસંયમ, રાગ–દ્વેષરૂપ બંધન, ત્રણ શલ્ય, ચાર કષાય આદિ બોલ હેય–છોડવા યોગ્ય છે. નવવાડ બ્રહ્મચર્ય, યતિધર્મ, ઉપાસકપ્રતિમા, ભિક્ષુપ્રતિમા વગેરે બોલ ઉપાદેય–ગ્રહણ કરવા યોગ્ય છે અને આચારપ્રકલ્પ, સૂયગડાંગસૂત્ર તથા જ્ઞાતાસૂત્રના અધ્યયન વગેરે જાણવા યોગ્ય છે.

સાધુ હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક રાખી પ્રવૃત્તિ કરીને સંયમ સાધાનાને સફળ બનાવે છે.

## અધ્યયન – ૩૨ : પ્રમાદસ્થાન

આ અધ્યયનમાં સાધુને સાધના માર્ગથી પતિત કરનારા પ્રમાદસ્થાનોનું વિસ્તૃત વર્ણન છે.

મદિરા આદિ માદક પદાર્થોનું સેવન કરવું, તે દ્રવ્ય પ્રમાદ છે. જીવને સન્માર્ગથી પતિત કરે, સાધનામાર્ગથી ભ્રષ્ટ કરે, હિતાહિતનું ભાન ભૂલાવે, તે ભાવપ્રમાદ છે. આ અધ્યયનમાં બ્રહ્મચર્યમાં બાધક ઈન્દ્રિયોના વિષયોની આસક્તિરૂપ ભાવપ્રમાદનું નિરૂપણ છે. વિષયાસક્તિ જીવને ભાન ભૂલાવીને મૂઢ બનાવે છે. જેમ દિપકના પ્રકાશમાં આસક્ત ભ્રમર, સંગીતમાં આસકત મૃગ, સુગંધમાં આસક્ત સર્પ, માંસલોલુપી મત્સ્ય,

શીતલ જલની લાલસામાં ફસાયેલો મહિષ અને હાથણીના મોહમાં આસક્ત હાથી, આ બધા જીવોની એક-એક ઈન્દ્રિયની આસક્તિથી પણ તે જીવ અતૃપ્ત ઈચ્છામાં જ મૃત્યુ પામે છે. તો પાંચે ઈન્દ્રિયોના વિષયની આસક્તિથી જીવની ભવપરંપરા અને દુઃખની પરંપરા વધે તે સહજ છે. કામભોગની આસક્તિથી જીવને ક્રમશઃ કામના, ક્રોધ, મૂઢતા, સ્મૃતિનાશ અને અંતે સર્વનાશ થાય છે.

આ પ્રમાદસ્થાનોથી આત્માની સુરક્ષા કરવા માટે સાધુ ગુરુકુલવાસ, વૃદ્ધોની સેવા, એકાંત સ્થાનમાં નિવાસ, અન્યની અપેક્ષાનો ત્યાગ, ગરિષ્ટ આહારનો ત્યાગ, સ્ત્રી સંગ ત્યાગ જેવા અનેક ઉપાયોનું સેવન કરે છે. આ સમગ્ર લોક શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ રૂપ પાંચે ઈન્દ્રિયોના વિષયોથી ભરેલો છે. તે જીવને બંધનકારક નથી પરંતુ તેના માટે કરેલા રાગ-દ્વેષ જીવને બંધનકારક છે. જે વ્યકિત વિષયાસક્તિરૂપ પ્રમાદનો ત્યાગ કરે છે, તેના અન્ય સર્વ પ્રમાદ સહજ રીતે છૂટી જાય છે. તે ક્રમશઃ સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

## અધ્યયન – ૩૩ : કર્મપ્રકૃતિ

આ અધ્યયનમાં ચાર પ્રકારના કર્મબંધનું

પ્રતિપાદન છે. સમસ્ત સંસારી જીવોનો સમગ્ર વ્યવહાર કર્મ પ્રમાણે થાય છે. કર્મોનો સદ્ભાવ, તે સંસાર છે અને કર્મોનો સંપૂર્ણ અભાવ, તે મુક્તિ છે. કર્મબંધના મૂળ કારણ કષાય અને યોગ છે. તેના નિમિત્તથી જીવ કર્મદલિકોને ગ્રહણ કરીને દૂધ અને પાણીની જેમ આત્માની સાથે એકમેક કરે છે, તે કર્મબંધ છે. કર્મબંધના ચાર પ્રકાર છે – પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ. **પ્રકૃતિબંધ** – કર્મનો સ્વભાવ નિશ્ચિત કરે તે પ્રકૃતિબંધ છે. તેના આઠ પ્રકાર છે – **જ્ઞાનાવરણીયકર્મ** જ્ઞાનને આવરણ કરે, **દર્શનાવરણીયકર્મ** સામાન્ય બોધ રૂપ દર્શનને આવરણ કરે, **વેદનીયકર્મ** ઈન્દ્રિયજન્ય સુખ–દુઃખની અનુભૂતિ કરાવે, **મોહનીયકર્મ** જીવને મૂઢ બનાવે, **આયુષ્યકર્મ** જન્મ–મરણના ચક્રમાં ભટકાવે, **નામકર્મ**– ગતિ, જાતિ, શરીર આદિની પ્રાપ્તિથી અમૂર્ત આત્માને મૂર્ત બનાવે, **ગોત્રકર્મ**– ઊંચ–નીચ જાતિ, કુળ આદિની પ્રાપ્તિ કરાવે, **અંતરાયકર્મ**– દાનાદિના પ્રયોગમાં જીવને વિઘ્ન કરે છે. આ આઠે કર્મની ઉત્તર પ્રકૃતિ ૧૪૮ છે. **સ્થિતિબંધ** – કર્મની આત્મા સાથે રહેવાની કાલમર્યાદાને સ્થિતિબંધ કહે છે. પ્રત્યેક કર્મોનો સ્થિતિબંધ

ભિન્ન ભિન્ન હોય છે. મોહનીય કર્મની સ્થિતિ સર્વથી અધિક એટલે ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે. **અનુભાગ બંધ** – કર્મોની તીવ્ર–મંદ ભાવે ફળ આપવાની શકિત નિશ્ચિત થાય, તે અનુભાગ બંધ અથવા રસબંધ છે. **પ્રદેશબંધ** – આત્માના પ્રદેશો સાથે કર્મ પરમાણુઓનો જે જથ્થો એકમેક થાય છે તે પ્રદેશબંધ છે. આ ચારે પ્રકારના કર્મબંધમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ શુભાશુભ યોગની પ્રવૃત્તિના આધારે અને સ્થિતિબંધ તથા અનુભાગબંધ તીવ્ર–મંદ કષાયના આધારે નિશ્ચિત થાય છે.

કર્મના ઉદય સમયે જીવને કર્મના પ્રકૃતિબંધ અનુસાર તેનો અનુભવ થાય, સ્થિતિબંધ પ્રમાણે તે કર્મ આત્માની સાથે રહે, અનુભાગબંધ પ્રમાણે તે કર્મના તીવ્ર–મંદ ફળની અનુભૂતિ થાય અને પ્રદેશબંધ પ્રમાણે તે તે કર્મદલિકો પોત–પોતાનું ફળ બતાવે છે.

આ ચારે પ્રકારના કર્મબંધને જાણીને સાધક કર્મબંધના કારણોનો ક્રમશઃ ત્યાગ કરે અને પૂર્વકૃત કર્મના ઉદયને સમભાવથી ભોગવી લે, આ જ સંવર અને નિર્જરાનો ઉપાય છે.

## અધ્યયન – ૩૪ : લેશ્યા

આ અધ્યયનમાં આત્માના પરિણામ રૂપ છ લેશ્યાનું વિસ્તૃત વર્ણન છે.

**લેશ્યા** – (૧) જેના દ્વારા કર્મો આત્મા સાથે ચોંટે, તે લેશ્યા છે, લેશ્યા કર્મ અને આત્માનું જોડાણ કરાવનાર દ્રવ્ય છે. (૨) કષાયથી અનુરંજિત આત્માના પરિણામ, તે લેશ્યા છે. લેશ્યાના બે ભેદ છે દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા. ભાવલેશ્યા આત્મ પરિણામરૂપ હોવાથી અરૂપી છે અને તે પરિણામોમાં સહાયભૂત પુદ્ગલો, તે દ્રવ્યલેશ્યા છે, તે રૂપી છે. દ્રવ્યલેશ્યા અનુસાર ભાવલેશ્યા અને ભાવલેશ્યા અનુસાર દ્રવ્યલેશ્યા થાય છે. આ રીતે દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા બંને સાપેક્ષ છે. આ અધ્યયનમાં દ્રવ્યલેશ્યાની પ્રધાનતાથી લેશ્યાના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિનું કથન છે. નારકી અને દેવતામાં દ્રવ્યલેશ્યા જીવન પર્યંત એક જ રહે છે. તેમાં પરિવર્તન થતું નથી. મનુષ્યો અને તિર્યંચોમાં ભાવ પ્રમાણે દ્રવ્યલેશ્યાનું પરિવર્તન થતું રહે છે.

પરિણામોની શુદ્ધિ–અશુદ્ધિના આધારે લેશ્યાના

છ પ્રકાર છે - તેમાં કૃષ્ણ, નીલ, કાપોત, આ ત્રણ અશુભ લેશ્યા અને તેજો, પદ્મ અને શુકલ, આ ત્રણ શુભલેશ્યા છે. અશુભ લેશ્યાના વર્ણ, ગંધાદિ અશુભ અને શુભ લેશ્યાના વર્ણાદિ શુભ હોય છે.

પૂર્વાચાર્યોએ છ લેશ્યાના પરિણામોને જાંબુવૃક્ષના દૃષ્ટાંતથી સમજાવ્યા છે. છ મિત્રો જાંબુ ખાવાની ઈચ્છાથી જાંબુવૃક્ષની નજીક ગયા. પ્રથમ મિત્રે કહ્યું - જાંબુ વૃક્ષને મૂળમાંથી કાપીને અઢળક જાંબુ ખાઈએ. બીજા મિત્રે કહ્યું –જાંબુવૃક્ષને મૂળમાંથી કાપવાની જરૂર નથી. જે ડાળી પર જાંબુ છે, તેને તોડીએ. ત્રીજા મિત્રે કહ્યું, મોટી ડાળીને પણ કાપવાની જરૂર નથી. જાંબુ નાની ડાળી પર લટકી રહ્યા છે, તેને જ તોડી લઈએ. ચોથા મિત્રે કહ્યું, નાની કે મોટી કોઈ પણ ડાળીને કાપવાની જરૂર નથી. જાંબુના ગુચ્છને જ તોડી લઈએ. પાંચમા મિત્રે કહ્યું, ગુચ્છમાં રહેલા પાંદડાં વગેરેની પણ આપણે જરૂર નથી. આપણે ફકત જાંબુને જ તોડી લઈએ. છઠ્ઠા મિત્રે કહ્યું, નીચે ઘણાં જાંબુ પડયા છે તેને જ ગ્રહણ કરીને ઈચ્છાપૂર્તિ કરીએ.

એક જ પ્રયોજનની સિદ્ધિ માટે છ એ મિત્રોની વિચારધારામાં ભિન્નતા છે. પ્રથમ મિત્રની વિચારધારા અત્યંત ક્રૂર છે. ત્યાર પછીના મિત્રોની વિચારધારા ક્રમશઃ શુદ્ધ, વિશુદ્ધ છે. છ એ મિત્રોની વિચારધારા છ લેશ્યાના પરિણામોને સ્પષ્ટ કરે છે. કૃષ્ણલેશીની વિચારધારા ક્રૂર, હિંસક અને સ્વાર્થી હોય છે. નીલ લેશ્યામાં ઈર્ષ્યા, અદેખાઈ અને તુચ્છવૃત્તિ હોય છે. કાપોતલેશ્યામાં માયા-કપટ; તેજોલેશ્યામાં નમ્રતા, વિનય, વિવેક; પદ્મલેશ્યામાં કષાયોની ઉપશાંતતા અને ઈન્દ્રિયવિજય; શુકલલેશ્યામાં ધર્મધ્યાન, શુકલધ્યાનના પરિણામોની પ્રધાનતા હોય છે.

જીવની લેશ્યા પ્રમાણે આયુષ્યબંધ થાય છે. આયુષ્યબંધ સમયે અશુભલેશ્યા હોય, તો દુર્ગતિનું અને શુભલેશ્યા હોય તો સુગતિનું આયુષ્ય બંધાય છે. જે લેશ્યામાં આયુષ્ય બંધ થયો હોય, તે જ લેશ્યાના પરિણામો મૃત્યુ સમયે તથા નવા જન્મ સમયે હોય છે. આ રીતે જીવની ગતિમાં, અધ્યાત્મવિકાસમાં લેશ્યાનું મહત્ત્વ છે.

છ એ લેશ્યાનું સ્વરૂપ જાણીને અશુભ લેશ્યાનો

ત્યાગ કરીને, શુભ લેશ્યાના પરિણામોનો સ્વીકાર કરવો, તે સાધકોનું કર્તવ્ય છે.

## અધ્યયન – ૩૫ : અણગારમાર્ગ ગતિ

આ અધ્યયનમાં અણગારોને અણગારધર્મમાં સાવધાન રહેવા માટેનો ઉપદેશ છે.

અણગારધર્મ–સાધુધર્મની આરાધના પૂર્ણપણે આધ્યાત્મિક છે. સાધુને વિષયો તરફ વહેતી વૃત્તિને વળાંક આપી અંતર્મુખી બનાવવાની છે. કષાયોને ઉપશાંત કરવાના છે, જિનાજ્ઞા પ્રમાણે સંયમભાવમાં સ્થિર થવાનું છે. આ લક્ષ તેણે સતત નજર સમક્ષ રાખવાનું હોય છે.

અણગારપણામાં ઉપસ્થિત થયા પછી મોહનીય–કર્મના ઉદયે, સાધુને ગૃહસ્થોના સ્નેહપાશ, પદ–પ્રતિષ્ઠા વગેરેની ઈચ્છા આકર્ષિત કરે છે. કાયર સાધક કોઈપણ નિમિત્તથી ચલિત થઈ જાય છે. અણગારધર્મની સુરક્ષા માટે સાધુ મુખ્યતયા આહારસંયમ તથા રસાસ્વાદત્યાગ કરે, તેમજ પૂર્વ સંયોગોની આસકિત, સ્ત્રીસંગ, એકાંતવાસ, દોષિત આહાર–પાણી, આરંભ સમારંભ વગેરે સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરે. પોતાની માલિકીના ઘર આદિ તૈયાર

ન કરાવે.

સંયમ સાધનાને યોગ્ય નિર્દોષ સ્થાનમાં રહીને નિર્દોષ આહાર-પાણી આદિ અનાસકત ભાવે ભોગવે, સર્વ પ્રકારે રાગ-દ્વેષનો ત્યાગ કરી સમભાવને પુષ્ટ કરે, તે જ અણગારધર્મ છે.

## અધ્યયન – ૩૬ : જીવાજીવવિભક્તિ

આ અધ્યયનમાં જીવ અને અજીવના ભેદ-પ્રભેદનું વિસ્તૃત વર્ણન છે. જીવ-અજીવના ભેદ-પ્રભેદને જાણીને અજીવ-જડ દ્રવ્યથી ભિન્ન ચૈતન્યસ્વરૂપી એક આત્મતત્ત્વની અનુભૂતિ કરવી, તે જ આ અધ્યયનનો ઉદ્દેશ છે. તે જ સમ્યગ્દર્શન છે, તેનો સમ્યગ્ બોધ પ્રાપ્ત કરવો, તે સમ્યગજ્ઞાન છે.

આ જગતમાં મુખ્ય બે તત્ત્વ જ છે. જીવ અને અજીવ. જીવ ચૈતન્યસ્વરૂપ છે અને અજીવ જડલક્ષણ સ્વરૂપ છે.

અજીવ તત્ત્વમાં પુદ્ગલાસ્તિકાય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત હોવાથી રૂપી છે અને ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો અરૂપી છે. ધર્માસ્તિકાય, અધમાસ્તિકાય,

આકાશાસ્તિકાય દ્રવ્ય એક અને અખંડ હોવા છતાં વિવક્ષાથી તેના સ્કંધ, દેશ, પ્રદેશ રૂપ ત્રણ-ત્રણ ભેદ થતાં ૩ × ૩ = ૯ + કાલ દ્રવ્ય = ૧૦ ભેદ અરૂપી અજીવના અને પુદ્‌ગલસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ રૂપ ચાર ભેદ થાય છે. આ રીતે અજીવ તત્ત્વના સંક્ષેપથી ૧૪ ભેદ થાય અને વિસ્તારથી ૫૬૦ ભેદ થાય છે.

જીવતત્ત્વ તેના મુખ્ય બે ભેદ છે- સિદ્ધ અને સંસારી. સિદ્ધના જીવો પૂર્ણ શુદ્ધ છે. તેમાં કોઈ ભેદ નથી પરંતુ સિદ્ધ જીવોની પૂર્વ અવસ્થાની અપેક્ષાએ સિદ્ધના પંદર ભેદ થાય છે.

સંસારી જીવોના ત્રસ-સ્થાવર રૂપ બે ભેદ થાય છે. સ્થાવર જીવોના પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપ પાંચ ભેદ, તે પ્રત્યેકના સૂક્ષ્મ-બાદર, પર્યાપ્તા -અપર્યાપ્તા રૂપ ભેદ થાય છે. ત્રસ જીવોના બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય રૂપ ચાર ભેદ અને પંચેન્દ્રિયના નારકી, તિર્યંચપંચેન્દ્રિય, મનુષ્ય, દેવતા રૂપ ચાર ભેદ થાય છે. આ રીતે જીવના પ્રત્યેક ભેદના અનેક

પ્રભેદ થાય છે. સંસારી જીવોના અનેક પ્રકારો જીવોની કર્મજન્ય વિચિત્રતાનું દર્શન કરાવે છે.

જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વનું સ્વરૂપ યથાર્થ રીતે જાણીને, તેની શ્રદ્ધા કરીને સાધુ સમ્યક્ ચારિત્રમાં પુરુષાર્થ કરે છે. વર્ષો સુધી સંયમ પાલન કર્યા પછી જયારે શરીર સાધનામાં સહાયક થતું ન હોય, ત્યારે પંડિતમરણની પૂર્વ તૈયારી રૂપ સંલેખના કરે. તેમાં તપારાધના દ્વારા શરીરને તથા કષાયને કૃશ કરે, ત્યાર પછી સંથારો કરે. સંથારાના સમયને સફળ બનાવવા પાંચ દુર્ગતિદાયી ભાવનાનો ત્યાગ કરીને સમ્યગ્દર્શનાદિ શુભ ભાવનાથી ચિત્તને ભાવિત કરે.

જે સાધક જિનવચનમાં અનુરકત રહીને તદનુસાર ક્રિયાનું પાલન કરે છે, તે રાગ, દ્વેષ, કલેશાદિથી મુકત થઈને પરિત્તસંસારી થાય છે. અંતે સમાધિભાવે દેહનો ત્યાગ કરે છે.

# શ્રી આગમ સૂત્ર

## ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

## ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

## ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

## ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

## પ્રકાશક

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા

શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

## સૌજન્ય

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે

માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા

સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા

શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા

શ્રીમતી હિના નિમેષ કોઠારી

## પ્રાપ્તિ સ્થાન

શ્રી મિલન અજમેરા

૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ - 9825193988

◆ કિંમતઃ રૂ. ૩૦૦/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-